**સુવિચાર**

"અહં નાવમાં પડેલાં કાણાં જેવો હોય છે, એ ડૂબાડયા વિના ન જ રહે."

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૪/૦૬/૨૦૨૬, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ જેઠ સુદ-૧૦ વર્ષ : ૧૭ અંક : ૧૬૩


## રાજયમંત્રી કૌશિક વેકરીયાએ વાંકિયા, ગાવડકા અને કમીગઢમાં વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ અપાવી જ્ઞાનદિપ પ્રજવલ્લિત કરાવ્યો

# અમરેલીમાં ડ્રોપઆઉટ થયેલા ૪૪૨૦માંથી ૨૯૦૨ વિદ્યાર્થીઓનું પુનઃનામાંકન

**પ્રાથમિક શિક્ષણ વિદ્યાર્થીના જીવનરૂપી ઈમારતનો મજબૂત પાયો : રાજયમંત્રી**

**આગામી વર્ષોમાં ડ્રોપઆઉટ રેશિયો શૂન્ય કરવાનો સંકલ્પ**

**વાલીઓ દરરોજ એક કલાક બાળકો સાથે અભ્યાસ અંગે ચર્ચા કરે**

**ટ્રાફિક નિયમોનું પાલન અને પર્યાવરણ જતનનો વિદ્યાર્થીઓને સંદેશ**



અમરેલી, તા. ૨૩

ઊર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષસ્થાને અમરેલી તાલુકાના વાંકિયા, ગાવડકા અને કમીગઢ ગામે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન રાજયમંત્રી તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ–૧માં પ્રવેશ મેળવનારા ભૂલકાઓને શાળામાં પ્રવેશ અપાવી તેમના શૈક્ષણિક જીવનની નવી શરૂઆત કરાવવામાં આવી હતી. વાંકિયા ખાતે ધોરણ–૯ અને ધોરણ–૧૧માં પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને પણ શાળા પ્રવેશ અપાવી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં વાંકિયા સ્વામિનારાયણ વિદ્યાલય ખાતે આંગણવાડીમાં ૧૬, બાલવાટિકામાં ૪૩, ધો. ૦૧માં ૦૨, માધ્યમિક શાળામાં ધો. ૦૯માં ૪૯ અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ધો. ૧૧માં ૩૯ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. જયારે ગાવડકા મુકામે આંગણવાડી, બાલવાટીકા, ધો. ૦૧માં ૨૯ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. જયારે કમીગઢ ખાતે ૩૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૩ વર્ષ પૂર્વે શરૂ કરાવેલી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની પરંપરાએ ગુજરાતના શિક્ષણક્ષેત્રમાં મહત્વપૂર્ણ પરિવર્તન લાવ્યું છે. આજે સમગ્ર રાજયમાં મુખ્યમંત્રી


**અનુસંધાન પાના ૬ ઉપર**


**અવારનવાર ઔદ્યોગિક એકમ નજીક વન્ય પ્રાણીઓનાં આંટાફેરા**

# રાજુલાનાં હિંડોરણા ગામ નજીક નેશનલ હાઈવે ઉપર રાત્રિનાં સમયે બે સિંહણની લટાર

**સ્થાનિક વનકર્મીઓએ સાવચેતીપૂર્વક સિંહણનું રોડ ક્રોસિંગ કરાવ્યું**



અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લાનાં દરિયાકાંઠે આવેલ અને ઔદ્યોગિક વિકાસથી ધમધમતાં હિંડોરણા ગામ નજીક નેશનલ હાઈવે ઉપર ગતરાત્રિએ બે સિંહણની લટાર કેમેરામાં કેદ થઈ હતી.

જો કે સ્થાનિક વન કર્મીઓએ વાહન વ્યવહાર અટકાવીને સિંહણનું રોડ ક્રોસિંગ કરાવ્યું હતું.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, અવારનવાર ટ્રાફિકથી ધમધમતા માર્ગ ઉપર વન્યપ્રાણીઓ આવી ચડતાં હોય છે. જો કે મોટા ભાગે વનકર્મીઓ રાની પશુઓની સુરક્ષા માટે તૈનાત જોવા મળી રહ્યા છે.

**ઉર્જામંત્રી કૌશિક વેકરિયા દ્વારા જાહેરાત**

# અમરેલીમાં ખેતીવાડી વીજ પુરવઠો ૮ કલાકથી વધારી ૧૦ કલાક કરાયો

**વરસાદની ખેંચ વચ્ચે ખેડૂતને રાહત મળી**



અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લામાં ચોમાસાની ઋતુ દરમિયાન વરસાદ ખેંચાતા ખેડૂતોમાં ચિંતાનો માહોલ સર્જાયો છે. આગોતરૂં વાવેતર કરેલ પાકને પૂરતું પાણી મળી રહે અને સિંચાઈ માટે ખેડૂતોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે રાજય સરકાર દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં ઉર્જામંત્રી કૌશિક વેકરિયાની આગેવાની હેઠળ અમરેલી જિલ્લાથી ખેતીવાડી વીજ પુરવઠામાં બે કલાક વીજ પુરાવઠામાં વધારો કરવાની શરૂઆત કરવામાં આવી છે.

હાલ અમરેલી જિલ્લામાં ખેડૂતોને ખેતીવાડી માટે દરરોજ આઠ કલાક વીજળી આપવામાં આવે છે, પરંતુ વરસાદની અનિશ્ચિત સ્થિતિને ધ્યાનમાં રાખીને તેમાં વધુ બે કલાકનો વધારો કરવાનો નિર્ણય લેવાયો છે. જેના પરિણામે હવે અમરેલી જિલ્લાના ખેડૂતોને ખેતીવાડી માટે કુલ દસ કલાક વીજ પુરવઠો ઉપલબ્ધ થશે.

રાજય સરકારના આ


**અનુસંધાન પાના ૬ ઉપર**



**ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ**

**ડો. દેવાંગ ટાંક** ગેસ્ટ્રોલોજીસ્ટ
પેટ, આંતરડા તથા લીવરના રોગો અને એન્ડોસ્કોપીના નિષ્ણાંત
તા. ૨૫/૦૬/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૦ થી ૧

**ડો. અનિલ સાંજવા** પીડીયાટ્રીક સર્જન
નવજાત શિશુ તથા નાના બાળકોની સર્જરીના નિષ્ણાંત સર્જન
તા. ૨૬/૦૬/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૫ થી ૬

**ડો. કલ્પેશ બજાણીયા** ઓર્થો એન્ડ સ્પાઈન સર્જન
મણકા તથા કરોડરજ્જુની સર્જરીના નિષ્ણાંત
તા. ૨૭/૦૬/૨૦૨૬, શનિવારે, સવારે ૧૦ થી ૧૨

(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪

**ડોકટર હાઉસ અમરેલી** કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડયા

**અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ**
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ) મો. ૮૧૬૦૩ ૯૧૫૯૯
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૬ ૪૮૩૩૦



Krishna Dining Hall
**ક્રિષ્ના ડાઈનીંગ હોલ**
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨



**૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ**
**1,33,300/-** (૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૩/૦૬/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
**બાલમુકુંદ** જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
**શ્યામ કેટરર્સ**
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
**શ્યામ** ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

### જમવાની પાર્ટી દરમિયાન થયેલી બોલાચાલી બની હત્યાનું કારણ

# ગીર ગઢડાનાં જામવાળામાં યુવકની હત્યાનો ભેદ ઉકેલાયો

## પાંચેય આરોપીઓ ઝડપાયા, એફએસએલ તપાસમાં મહત્વનાં પુરાવા કબ્જે


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૩

ગીર ગઢડા તાલુકાના જામવાળા ગામમાં યુવક મેહુલભાઈ હકુભાઈ વડવાતરની હત્યાના કેસમાં ગીર ગઢડા પોલીસે ઝડપી કાર્યવાહી કરીને ગણતરીના કલાકોમાં જ ગુનાનો ભેદ ઉકેલી પાંચેય આરોપીઓને ઝડપી પાડયા છે. પોલીસ તપાસમાં પ્રાથમિક રીતે સામે આવ્યું છે કે નદી કાંઠે સરકારી જમીનમાં યોજાયેલી જમવાની પાર્ટી દરમિયાન થયેલી સામાન્ય બોલાચાલી ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં પાંચેય શખ્સોએ એક સંપ થઈ મેહુલભાઈ પર જીવલેણ હુમલો કર્યો હતો.

તપાસ દરમિયાન સામે આવેલી વિગતો મુજબ હુમલા પહેલાં મેહુલભાઈની આંખમાં સ્પ્રે છાંટવામાં આવ્યો હોવાની શંકા છે. ત્યારબાદ તીક્ષ્ણ તેમજ બોથડ હથિયારોથી તેમના બંને હાથ અને પગ પર ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવી હતી. ગંભીર ઈજાઓને કારણે તેમનું ઘટના સ્થળે જ મોત નીપજયું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

પોલીસ ફરિયાદ અનુસાર, ૨૨ જૂનની રાત્રે મેહુલભાઈએ પોતાના ભાઈ હિતેષભાઈ વડવાતરને લખુભાઈ ભોજાભાઈ વાળાની વાડીમાં પાણીની બે બોટલ પહોંચાડવા ફોન કર્યો હતો. હિતેષભાઈ ત્યાં પહોંચ્યા ત્યારે કરણભાઈ શંભુભાઈ ડગીયા, પીયુષભાઈ શંભુભાઈ ડગીયા, અજયભાઈ વનાભાઈ ગુજરીયા, દેવાભાઈ ભરતભાઈ રાઠોડ, મહેશ ઉર્ફે દીકુડો ઉર્ફે બાઉ શંકરભાઈ મકવાણા સહિત તમામ લોકો જમવાની તૈયારીમાં બેઠા હતા. પાણી પહોંચાડયા બાદ હિતેષભાઈ ઘરે પરત ફર્યા હતા.

બીજા દિવસે વહેલી સવારે મહેશ ઉર્ફે દીકુડાનો પરિવારનાને ફોન આવતા હિતેષભાઈ વાડીમાં પહોંચ્યા ત્યારે મેહુલભાઈ લોહી લુહાણ હાલતમાં ખેતરમાં પડેલા મળી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં ૧૧૨ ઈમરજન્સી સેવા અને ગીર ગઢડા પોલીસ સ્થળ પર પહોંચી હતી. ફરજ પરના તબીબે તપાસ બાદ મેહુલભાઈને મૃત જાહેર કર્યા હતા.

તપાસ દરમિયાન એક મહત્વની કડી પણ સામે આવી છે. ફરિયાદીના મિત્ર પ્રકાશભાઈ મકવાણાને આરોપી દેવાભાઈ ભરતભાઈ રાઠોડે ફોન કરીને "મેહુલના હાથ–પગ ભાંગી નાખ્યા છે, હિતેષને વાડીમાં મોકલ" તેવી માહિતી આપી હોવાનું ફરિયાદમાં નોંધાયું છે. પોલીસે આ ફોન કોલને પણ તપાસનો મહત્વનો ભાગ બનાવ્યો છે.

ઘટના સ્થળે પહોંચેલી પોલીસ અને એફએસએલની ટીમે જમવાના ટિફિન, સોડાની કાચની બોટલો, હુમલામાં ઉપયોગ થયાના શંકાસ્પદ પથ્થરો તેમજ આંખમાં છાંટવામાં આવેલા સ્પ્રે સહિતનો મુદ્દામાલ કબ્જે કરી ફોરેન્સિક તપાસ માટે મોકલી આપ્યો છે.

આ કેસમાં પોલીસે કરણભાઈ શંભુભાઈ ડગીયા, પીયુષભાઈ શંભુભાઈ ડગીયા, અજયભાઈ વનાભાઈ ગુજરીયા, દેવાભાઈ ભરતભાઈ રાઠોડ અને મહેશ ઉર્ફે દીકુડો ઉર્ફે બાઉ શંકરભાઈ મકવાણા સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩(૧), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨), ૧૯૧(૩) તથા ૧૩૫ હેઠળ ગુનો નોંધી પાંચેય આરોપીઓની ધરપકડ કરી છે. હાલ પોલીસે હત્યામાં ઉપયોગમાં લેવાયેલા તમામ હથિયારો, હુમલાનું ચોક્કસ કારણ અને સમગ્ર ઘટના ક્રમ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

મૃતક મેહુલભાઈ પોતાના પરિવારના આધાર સ્તંભ હતા. તેમના નિધનથી પત્નીએ પતિ ગુમાવ્યો છે, જયારે એક દીકરી અને એક દીકરાએ પિતાની છત્રછાયા ગુમાવી છે. આ ઘટનાએ જામવાળા સહિત સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં ભારે ચકચાર મચાવી છે.

### સ્થાનિક કોર્ટમાં કેસ ચાલી જતાં

# લીલીયામોટા : ગ્રામ્યલક્ષી ધિરાણમાં મંડળીનાં ૨ બાકીદારોને સજા મળી

## એડવોકેટ પાઠકની દલીલો સફળ રહી

લીલીયા મોટા, તા. ૨૩

લીલીયા મોટા ગ્રામ્યલક્ષી બચત અને ધિરાણ સહકારી મંડળી લી.માંથી ધીરાણ મેળવી હપ્તા નહી ભરતા બાકીદારનો ચેર રૂપિયા ૨,૯૨,૧૩૬ તથા રૂપિયા ૨,૫૭,૩૧૮નો ધીરાણની રકમ તથા તે પર વ્યાજ ગણી આપેલ ચેક રીટર્ન થતા તથા રીટર્ન થતાં લીલીયા ગ્રામ્યલક્ષી બચત અને ધિરાણ સહકારી મંડળીના રીકવરી ઓફિસર અમીતભાઈ વસંતભાઈ જોષીએ આ બાકીદાર સામે મંડળીના લીગલ એડવાઈઝર એડવોકેટ કિશોરભાઈ પાઠક મારફત લીલીયા કોર્ટમાં ફોજદારી ફરિયાદ કેસ નં. ૪૦/૨૫ તથા ૧૮૮/૨૦૨૫ નો દાખલ કરેલ છે અને કેસ ચાલી જતાં અદાલત ધ્વારા ધારાશાસ્ત્રની દલીલો ગ્રાહ્ય રાખી ભરતભાઈ પોપટભાઈ ગરણીયા રહે. ખારા તથા ચકુરભાઈ અલારખભાઈ સમા રહે. લીલીયાને કેસમાં બે વર્ષની સજા કરવામાં આવેલ અને ચેકની રકમ તથા તે પરનું વ્યાજ સંસ્થાને વળતર ચુકવવા આદેશ કરેલ. તેમજ તેટલી જ રકમનો દંડ કોર્ટમાં ભરવો અને દંડ ન ભરે તો વધુ ત્રણ માસની સજા ભોગવવા લીલીયાના પ્રિન્સિપાલ સિવિલ જજ અને જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ધ્વારા હુકમ થયેલ છે.

# અમરેલીનાં યુવા અગ્રણી મનિષ સંઘાણીનો આજે જન્મ દિવસ

અમરેલી, તા. ૨૩

અમરેલી જીલ્લા સહકારી સંઘના પ્રમુખ, ઈન્ટરનેશનલ કો.–ઓપરેટીવ યુથ વિંગના ડાયરેકટર, નેશનલ હોર્ટીકલ્ચર રીસર્ચ એન્ડ ડેવલપમેંન્ટના ડારેકટર, એસ.પી. ગૃપ ગુજરાત પ્રદેશ પ્રમુખ, ગાયત્રી શકિત પીઠ અમરેલીના મેનેજીંગ ટ્રસ્ટી, સહકારી – સામાજીક – શૈક્ષણિક સંસ્થાઓ સહિત યુવાનોના માર્ગદર્શક એવા મનીષ દિલીપભાઈ સંઘાણી આજે – ૪૨ વર્ષમા પ્રવેશે છે.

નાનીવયે અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા મનીષ સંઘાણી ખાસ કરીને યુવાનોમા ભારે ચાહના



ધરાવતા હોઈ, મો.૯૮૯૮૬ ૧૦૨૩૦ ઉપર મીત્રો, શુભેચ્છકો, આગેવાનો દ્વારા શુભકામના પાઠવી રહયાનું સરદાર પટેલ ગૃપની અખબારી યાદીમા જણાવાયેલ છે.

### અરજદાર વિનોદ બગડાનો જવાબ

# સાવરકુંડલાનાં વાંશિયાળી ગામની ખાલસા થયેલ જમીનની વિગત છુપાવવાની પોલ ખુલી

## ભાજપા સદસ્યનું જુઠાણું સરકારી કાગળે ખુલ્લુ પડયાનું જણાવાયું

અમરેલી, તા. ૨૩

સાવરકુંડલાનાં વાંશિયાળી ગામની જમીનને લઈને ચાલતા વિવાદ અંગે અરજદાર વિનોદ બગડાએ જણાવ્યું છે કે, જમીનનાં વિવાદ અંગે ભાજપા સદસ્ય સામે કરેલ આક્ષેપો પાયા વિહોણા નથી.

તેઓએ જવાબમાં જણાવ્યું કે, સાવરકુંડલા તાલુકાની શેલણા જિલ્લા પંચાયત સદસ્ય પ્રકાશભાઈ હિંમતભાઈ પાનસુરીયા દ્વારા ચૂંટણી લડતી વખતે પોતાના સત્તાવાર સોગંદનામામાં (એફિડેવીટ) સરકાર ખાલસા થયેલી કરોડોની જમીન અને ગેરકાયદેસર કબ્જાની વિગતો છુપાવવાનો મામલો હવે ચર્ચામાં છે. અરજદાર દ્વારા પુરાવાઓ રજૂ કરાતા ભાજપા સદસ્યએ 'અરજદાર ખોટા છે' તેવા આક્ષેપો કર્યા હતા. પરંતુ સામો બચાવ કરવા જતાં સદસ્યે જાતે જ કબૂલાત કરી લીધી છે કે આ જમીન પર તેમનો છેલ્લા ૫૬ વર્ષથી કબ્જો છે અને ૩ વર્ષ પહેલા જમીન શ્રી સરકાર થયેલ વિગત સામે આવતા જ સાબિત થઈ ગયું છે કે અરજદારની ફરિયાદ ૧૦૦ ટકા સાચી છે અને સદસ્યે જાણીજોઈને ચૂંટણી પંચ સમક્ષ કરોડોની મિલકત અને કાનૂની દબાણની વિગત છૂપી રાખી હતી.

અરજદારે સત્તાવાર ઓર્ડરની નકલો જાહેર કરતા જણાવ્યું છે કે, મહે. કલેકટર સાહેબ અમરેલીના હુકમ નં. જ.મ.નિ.નિ.૧૦૮ (૬), કેસ નં. ૨૧૫/૨૦૨૨, તા. ૩૧/૦૭/૨૦૨૩થી આદેશ થયેલો છે. આ હુકમ અન્વયે મોજે વાંશીયાળી, તા. સાવરકુંડલાના રેવન્યુ સર્વે નં. ૨૬૫ પૈ. ૨ ની હે. ૧–૬૧–૮૮ ચો.મી. નવી શરતની જમીન સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ પરવાનગી સિવાય તબદીલી કરવામાં આવેલ હોય, જમીન મહેસૂલ કાયદાની કલમ–૬૮ના ભંગ બદલ તમામ પ્રકારના બોજારહિત આ જમીન સરકાર ખાલસા (શ્રી સરકાર) કરવાનો હુકમ નોંધ ૪૪૩૨ તારીખ ૩૧/૦૭/૨૦૨૩ના રોજ જ કરી દેવાયો હતો અને હાલ સરકારી રેકોર્ડના ૭/૧૨ ના ઉતારામાં પણ 'શ્રી સરકાર'નું નામ બોલે છે.

આ હુકમમાં સ્પષ્ટ આદેશ હતો કે જમીનને સરકાર ખાલસા ગણી ગેરકાયદેસર કબ્જેદારોને સંક્ષિપ્ત રીતે (તાત્કાલિક) દૂર કરવા માટે જમીન મહેસૂલ કાયદાની કલમ–૭૯(એ) તળે કાર્યવાહી કરવા મામલતદારશ્રી, સાવરકુંડલાને અધિકૃત કરવામાં આવે છે. હુકમ થયાને આશરે ૩ વર્ષ જેટલો સમય વીતી ગયો હોવા છતાં, આજ દિન સુધી સદસ્ય દ્વારા જમીન ખાલી કરવામાં આવી નથી કે તંત્ર દ્વારા કબ્જો લેવાયો નથી.

જયારે અરજદારે આ કૌભાંડનો ભાંડાફોડ કર્યો, ત્યારે સદસ્યએ વળતો પ્રહાર કરતા કહ્યું કે આ જમીન પર અમારો ૫૬ વર્ષથી કબ્જો છે. અરજદારે આના પર વળતો સણસણતો સવાલ ઉઠાવ્યો છે કે, ' જયારે કલેકટર સાહેબના હુકમથી જમીન સરકાર ખાલસા થઈ ગઈ છે અને ૭/૧૨ માં પણ સરકારનું નામ ચડી ગયું છે, ત્યારે તેઓ આ જમીન પોતાની કઈ રીતે ગણાવી શકે ? જો જમીન પર કબ્જો હતો અને ૩ વર્ષ પહેલા કલેકટરે સાહેબનો હુકમ કે જમીન ખાલી કરવાનો આદેશ કર્યો હતો, તો ચૂંટણી ફોર્મ ભરતી વખતે સોગંદનામામાં (એફિડેવીટ) આ કરોડોની જમીન અને કાનૂની વિવાદની વિગત કેમ છુપાવવામાં આવી ?

અરજદારે મક્કમતાપૂર્વક જણાવ્યું છે કે, 'સરકારી રેકોર્ડ અને કલેકટર સાહેબનો હુકમ કયારેય ખોટો ન હોઈ શકે. ૭/૧૨ ના કાગળો જ બોલે છે કે જમીન સરકારની છે. પણ હવે રેકોર્ડ પર વિગત છૂપી રહી હોવાનું સાબિત થઈ ચૂકયું છે.'સદસ્યની પોતાની જ કબૂલાતના પુરાવા સાથે લેખિત રજૂઆત મોકલી દેવાઈ છે. જો મામલતદાર સાવરકુંડલા દ્વારા કલમ–૭૯(એ) મુજબ પોલીસ પ્રોટેકશન મેળવીને આ જમીન તાત્કાલિક મુકત કરાવી કબ્જો લેવામાં નહી આવે અને ખોટું સોગંદનામું કરનાર સદસ્ય સામે પગલાં લેવામાં ઢીલ અપાશે, તો ટૂંક સમયમાં જ કાનૂની લડત લડવામાં આવશે તેમ અંતમાં જણાવેલ છે.

### ભાજપા સદસ્ય પ્રકાશભાઈ પાનસુરિયાનું નિવેદન

# સાવરકુંડલાની વાંશિયાળી ગામની ખાલસા થયેલ જમીનની માંગ જગજાહેર કાયદેસર રીતે કરવામાં આવી છે


## જિલ્લા કલેકટર સમક્ષ પ્રિમીયમ ભરવાની તૈયારી સાથે જમીનની માંગ કરાઈ છે

અમરેલી, તા. ૨૩

સાવરકુંડલાનાં વાંશિયાળી ગામની જમીનને લઈને ચાલતાં વિવાદ અંગે ભાજપનાં જિલ્લા પંચાયતનાં સદસ્યએ જણાવ્યું કે તેઓની જમીન ખાલસા કરવાનો ઓર્ડર જિલ્લા કલેકટર ધ્વારા ૩૧ જુલાઈ ૨૦૨૩માં કરવામાં આવેલ છે.

વધુમાં જણાવ્યું કે, કલેકટરશ્રીનાં ખાલસા ઓર્ડરમાં જણાવેલ કે સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં તા. ૧૭/૩/૨૦૧૭નાં પરિપત્ર ક્રમાંક ગણત ૩૦૧૬/૨૧૩૫/ઝની જોગવાઈનો લાભ મેળવીને નવી શરતની જમીનનાં શુધ્ધબુધ્ધિ પૂર્વકનાં વેચાણનો લાભ પ્રિમીયમની રકમ ભરપાઈ કરી મેળવવા માંગતા હોય તો દિન–૩૦ માં અરજી કરે છે. તેનાં આધારે તેઓએ જિલ્લા કલેકટર અમરેલીને તા. ૨૮ ઓગષ્ટ ૨૦૨૩માં નિયમાનુસાર અરજી કરીને જમીનનું પ્રિમીયમ ભરવાની પરવાનગી માંગી છે. જે અંગે હજુ આધાર–પુરાવા સહિતની કામગીરી શરૂ છે અને આ સંદર્ભે સરકારશ્રીની જે પણ શરતો હશે તથા છે તેનું પાલન કરવા અમો બંધાયેલા છીએ તેમ જણાવેલ હતું.

વધુમાં જણાવ્યું કે, કલેકટરશ્રીનાં ઓર્ડર મુજબ ૩૦ દિવસની સમયમર્યાદામાં પ્રિમીયમ ભરવાની અરજી કરેલ હોવાથી કોઈ વિગતો છુપાવવાનો પ્રશ્ન રહતો નથી અને પ્રિમીયમની અરજી કરેલ હોય કોઈ ગુન્હો કર્યો નથી તેમ અંતમાં જણાવેલ છે.



### સ્થાનિક પોલીસે મધ્યસ્થી કરી સમાધાન કરાવ્યુ

# ખાંભાના લાસા ગામે બે ભાઈઓ વચ્ચે ૫૦ વર્ષ જૂનો જમીનનો વિવાદ પૂર્ણ

## બંને ભાઈઓએ પોલીસની કામગીરીથી ખુશી વ્યકત કરી

અમરેલી, તા. ૨૩

ખાંભા તાલુકાના લાસા ગામે બે ભાઈઓ વચ્ચે છેલ્લા ૫૦ થી ૬૦ વર્ષથી ચાલી રહેલા જમીન બાબતના વિવાદ ચાલ હતો ત્યારે બંને ભાઈ ખાંભા પોલીસે સ્ટેશન ખાતે જેરામભાઈ પરસોત્તમભાઈ કોટડીયા અને છગનભાઈ પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યા હતા ત્યારે ખાંભા પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યા હતા. આ મામલે ખાંભા પોલીસ દ્વારા મધ્યસ્થીની ભૂમિકા ભજવી બંને પક્ષોને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ખાંભા પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.વી. ચુડાસમા તેમજ પી.એસ.આઈ જી એમ જાડેજા હેડ કોસ્ટેબલ નાગજીભાઈ સોલંકી તેમજ પ્રદીપભાઈ વાળા તથા પોલીસ સ્ટાફ દ્વારા બંને ભાઈઓને સમજાવીને સમાધાન કરાવવામાં આવ્યું હતું.


તસ્વીર : રાજુ વાળા–ખાંભા

લાંબા સમયથી ચાલી રહેલા વિવાદનો અંત આવતા બંને ભાઈઓએ એકબીજાને મોં મીઠું કરાવ્યું હતું અને ભાવુક બની ગળે મળ્યા હતા.

બંને ભાઈઓએ ખાંભા પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.વી. ચુડાસમા તેમજ સમગ્ર પોલીસ સ્ટાફનો આભાર વ્યકત કર્યો હતો.

# અમરેલીમાં આર્ટ ઓફ લીવીંગ દ્વારા બીઓબીનાં કર્મચારીઓ સાથે યોગ દિન ઉજવાયો



અમરેલી, તા. ૨૩

અમરેલી યોગ દિવસ નિમિત્ત બેંક ઓફ બરોડા અમરેલીની આજુબાજુની તમામ બ્રાન્ચના સ્ટાફ સાથે અમરેલી આર્ટ ઓફ લીવીંગની ટીમ દ્વારા યોગા, પ્રાણાયમ તેમજ ધ્યાન માટે આયોજન કરવામાં આવેલ હતું. તેમજ તે અંગે ઉમેશભાઈ દુધાત દ્વારા યોગ તેમજ પ્રાણાયમ તેમજ ધ્યાન વિશે માહિતી આપવામાં આવેલ હતી. આ કાર્યક્રમનું આયોજન અમરેલી મેઈનના ચીફ મેનેજર રાજીવ યાદવની રાહબરી નીચે કરવામાં આવેલ.

# ધારી : આઇ.ટી.આઇ. ખાતે તા. ૨૫ જૂને રોજગાર ભરતી મેળો

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લાના યુવા અને ઉત્સાહી રોજગાર ઈચ્છુકોને રોજગારીનો અવસર પ્રાપ્ત થાય તેવા હેતુસર ખાનગી ક્ષેત્રોના અગ્રગણ્ય એકમ મુંદ્રા સોલાર પ્રા.લિ (અદાણી સોલાર) માટે મશીન ઓપરેટર, ટેકનિશિયલ અને ટ્રેઈનીની આવશ્યકતા છે. જેના માટે ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ધારી ખાતે આગામી તા. ૨૫/૬/૨૦૨૬ના રોજ રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

ખાલી જગ્યાને અનુરૂપ ધો. ૧૦ પાસ, ધો. ૧૨ પાસ, ગ્રેજયુએટ અથવા આઈ.ટી.આઈના તમામ ટ્રેડમાં પાસ આઉટ તાલીમાર્થી અરજી કરી શકશે. આ મેળામાં પસંદ થનારા ઉમેદવારોને રૂા. ૧૬,૬૪૫થી ૧૮,૬૪૦ જેટલો પગાર ચૂકવવામાં આવશે. ભરતી મેળામાં આધાર કાર્ડ અને શૈક્ષણિક લાયકાતનાં દસ્તાવેજ સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે.

આ ભરતી મેળો ઔદ્યોગિક તાલીમ સંસ્થા, હીમખીમડી, તુલસીશ્યામ રોડ, ધારી ખાતે યોજાશે. તેમ આચાર્ય આઈ.ટી.આઈ ધારીએ એક યાદીમાં જણાવ્યું છે.

### એડવોકેટ જે.આર. વાળાએ સી.એમ., ડે. સીએમને રજુઆત કરી

# અમરેલી જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન કોર્ટમાં પ્રમુખ અને સદસ્યની નિમણુંક જરૂરી

## પક્ષકારો ન્યાયથી વંચિત રહેતા હોવાથી કરાઈ રજુઆત

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશ્નર કોર્ટમાં છેલ્લા ૮ મહિનાથી પ્રમુખ અને સદસ્યની નિમણુંક થઈ ન હોવાથી પક્ષકારોને ન્યાય મેળવવામાં વિલંબ થઈ રહયો છે.

આ અંગે એડવોકેટ જે.આર. વાળાએ મુખ્ય મંત્રી ભુપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સમક્ષ રૂબરૂ રજુઆત કરીને યોગ્ય કરવા રજુઆત કરતા મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ હકારાત્મક



અભિગમ દાખવીને નિમણુંક કરવાની ખાત્રી આપી હતી.

# મિલીટરી નર્સિંગ સર્વિસનાં સેવા નિવૃત્ત સભ્યોને "પૂર્વ સૈનિક" તરીકેનો દરજ્જો મળશે

અમરેલી, તા. ૨૩

ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય હેઠળના પૂર્વ સૈનિક કલ્યાણ વિભાગના તાજેતરના ગેઝેટ નોટિફીકેશન અનુસાર મિલીટરી નર્સિંગ સર્વિસના સેવા નિવૃત્ત સભ્યોને હવે "પૂર્વ સૈનિક" તરીકેની પાત્રતા એનાયત કરવામાં આવી છે. આ નિર્ણયથી હવે નિવૃત્ત એમએનએસ સભ્યો પણ અન્ય પૂર્વ સૈનિકની જેમ જ વિવિધ સરકારી યોજનાઓ અને લાભો મેળવવા માટે હકદાર બન્યા છે.

આ અંગે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, રાજકોટના જણાવ્યા મુજબ, મિલીટરી નર્સિંગ સર્વિસમાંથી સન્માન પૂર્વક નિવૃત્ત થયેલા તમામ સભ્યોએ પૂર્વ સૈનિક તરીકેનું સત્તાવાર ઓળખપત્ર મેળવવા માટે ગુજરાત સરકારની વેબસાઈટ www.Esm. Gujarat. In પર રજિસ્ટ્રેશન કરી ઓળખપત્ર મેળવી શકાશે.

### બાળ શ્રમયોગી પ્રથા નાબુદી અંગે

# અમરેલી ખાતે જનજાગૃત્તિ લાવવા માટે સેમિનારનું આયોજન

અમરેલી, તા. ૨૩

મદદનીશ શ્રમ આયુક્તની કચેરી, અમરેલી દ્વારા અમરેલી ખાતે બાળ શ્રમયોગી પ્રથા નાબુદી અંગે જનજાગૃત્તિ અર્થે સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં અમરેલી શહેરની જુદી–જુદી હોટલો અને રેસ્ટોરન્ટના માલિકો, ભાગીદારો અને પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

કાર્યક્રમમાં મદદનીશ શ્રમ આયુક્ત એમ.એચ. પરમાર અને જિલ્લા બાળ કલ્યાણ સમિતિના સભ્ય નિકુબેન પંડયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સેમિનાર દરમિયાન એમ.એચ. પરમારે બાળ અને તરૂણ મજુર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ની વિવિધ કલમો અને જોગવાઈઓ વિશે વિગતવાર માહિતી આપી હતી. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે ૦ થી ૧૪ વર્ષના બાળકોને કોઈપણ પ્રકારના કામે રાખવા નહીં, તેમજ ૧૪ થી ૧૮ વર્ષના તરૂણોને જોખમી કામોમાં ન રાખવા. બિનજોખમી કામોમાં રાખવામાં આવતા તરૂણોના કિસ્સામાં કાયદાકીય નિયમોનું પાલન કરવું ફરજિયાત છે. આ કાયદાનો ભંગ કરવો એ ગંભીર ગુનો છે, જેમાં રૂા. ૨૦,૦૦૦ થી રૂા.૧,૦૦,૦૦૦ સુધીનો દંડ અને ૬ મહિનાથી ૨ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. તા. ૧૨ જૂનના રોજ ઉજવવામાં આવેલ "વિશ્વ બાળ મજુરી વિરોધી દિવસ" ના ભાગરૂપે આયોજિત આ સેમિનારમાં એસોશિયેશનના સભ્યો મારફતે જિલ્લાની તમામ હોટલો, રેસ્ટોરન્ટો, દુકાનો અને સંસ્થાઓના માલિકોને બાળ મજૂરો ન રાખવા અપીલ કરવામાં આવી હતી.

આ તકે જિલ્લા બાળ કલ્યાણ સમિતિના સભ્યએ બાળ કલ્યાણ માટે ચાલતી વિવિધ સરકારી યોજનાઓ વિશે તમામને માહિતગાર કર્યા હતા. તેમ મદદનીશ શ્રમ આયુક્ત અમરેલીની યાદીમાં જણાવવામાં આવેલ છે.

તાલુકા પંચાયતનાં પ્રમુખ તુષારભાઈ રામાણીએ

# બાબરાનાં નવાણિયા, ઉંટવડ અને સુકવળા પ્રાથમિક શાળાઓમાં બાળકોનું કર્યુ સ્વાગત

## બાળકોની શિક્ષણયાત્રાની શુભ શરૂઆત કરાઈ


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૩

બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં રાજ્ય સરકારના મહવાકાંક્ષી કાર્યક્રમ 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ – ૨૦૨૬'નો ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો હતો. તાલુકા પંચાયતના પ્રમુખ તુષારભાઈ રામાણીના હસ્તે નવાણિયા, ઊંટવડ તથા સુકવળા પ્રાથમિક શાળાઓ ખાતે નવા પ્રવેશ મેળવનાર વ્હાલસોયા ભૂલકાંઓનું સ્વાગત કરી તેમને શિક્ષણયાત્રાની શુભ શરૂઆત કરાવવામાં આવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનોએ જણાવ્યું હતું કે શિક્ષણ એ બાળકના સર્વાંગી વિકાસનો પાયો છે. સરકાર દ્વારા દરેક બાળકને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે અને કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. બાળકો ભણી–ગણીને જીવનમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરે, પોતાના પરિવાર, ગામ અને દેશનું નામ રોશન કરે તેવા ઉમદા હેતુ સાથે શિક્ષણ ક્ષેત્રે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે.

કાર્યક્રમ દરમિયાન નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ બાળકોમાં શિક્ષણ પ્રત્યે ઉત્સાહ અને પ્રેરણા જળવાઈ રહે તે માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

આ પ્રસંગે તાલુકા પંચાયત સભ્ય શ્રીમતી રમાબેન બુટાણી, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ ભરતભાઈ બુટાણી, તાલુકા ભાજપ સંગઠન મંત્રી જયસુખભાઈ રામાણી, સીઆરસી ચરખા શાળાના વિજયભાઈ સેંજળિયા, સરપંચ ચનાભાઈ મેટાલિયા સહિત ગ્રામ્ય આગેવાનો, શિક્ષકગણ, વાલીઓ, મોટી સંખ્યામાં ગ્રામજનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ગ્રામ્ય વિસ્તારોમાં યોજાયેલા આ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવે શિક્ષણ પ્રત્યે જાગૃતિ ફેલાવવાની સાથે નવા શૈક્ષણિક વર્ષની હર્ષોલ્લાસભરી શરૂઆત કરાવી હતી.

જાગૃત મહિલાએ નાયબ કલેક્ટરને પત્ર પાઠવ્યો

# રાજુલામાં મહિલાઓ માટે જાહેર શૌચાલયની સુવિધા ઉભી કરવી જરૂરી

## મહિલાઓની અવરજવર ધરાવતાં વિસ્તારમાં સુવિધા જરૂરી

રાજુલા, તા. ૨૩

રાજુલાનાં જાગૃત મહિલા જયોતિબેન કલસરિયાએ નાયબ કલેકટરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, રાજુલા નગરપાલિકા શહેરની વસ્તી સવા લાખ જેટલી છે મોટા વિસ્તારોમાં ફેલાયેલું સીટી છે અહીં એક પણ સ્ત્રી શૌચાલય લેડીઝ વોશરૂમ નથી સ્વતંત્રતા અને ૭૮ વર્ષ થયા છતાં મહિલાઓને શરમજનક સ્થિતિમાં રહેવું પડે છે એ અતિ દુર્ભાગ્યપૂર્ણ છે જેથી મહિલાઓ માટે સ્ત્રી શૌચાલય બનાવવા જરૂરી છે.

વધુમાં જણાવેલ છે કે, ૭૦ ગામડાના લોકો પણ અહીં ખરીદી કરવા આવે છે તેમાં સ્ત્રીઓ પણ મોટી સંખ્યામાં હોય છે મહિલાઓને કુદરતી આવેગ વખતે અસહ્ય પીડાદાયક સ્થિતિમાં આવી જાય છે.

જેથી સ્ત્રીઓની અવરજવર વાળી જગ્યા કે નગરપાલિકાની તથા રેલવેની જગ્યા પર જરૂરી સર્વે કરાવી સુવિધા યુકત મહિલાઓ શોચાલય બનાવવા અરજ છે.

શહેરમાં એક પણ પેટ્રોલ પંપ બસ સ્ટેશન ખાનગી ગેસ્ટ હાઉસ પણ છે તેમાં ૩૦ શૌચાલયની સુવિધાથી પણ રાહત થશે.

વડાપ્રધાનની આ મહત્વપૂર્ણ જોગવાઈ આ વિસ્તારને મળે એ જરૂરી છે અને તમામ સુવિધા યુકત મહિલા શૌચાલય માટે ફંડ ગ્રાન્ટ પણ મળે છે એ માટે પ્રભાવી રીતે કામગીરી કરી ભ્રષ્ટાચાર વિનાનું ટકાઉ મહિલા શૌચાલય બને એ માટે ઝડપી પ્રક્રિયા કરવા અંતમાં માંગ કરેલ છે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


# અમરેલીનાં બેસ્ટ ટીચર એવોર્ડ વિનરનાં આંગણે રાજયમંત્રી વેકરિયા



અમરેલી, તા. ૨૩

અમરેલી વિશેષ જન સંપર્ક અભિયાન અંતર્ગતના સ્ટેટ અને નેશનલ બેસ્ટ ટીચર એવોર્ડ વિનર આઈ.પી. બારડના ઘરે ઉર્જા અને કાયદો રાજય મંત્રી કૌશિકભાઈ વેકરીયાનુ આગમન થયુ હતું.

વિશેષ જન સંપર્ક અભિયાન અંતર્ગત રાષ્ટ્ર નિર્માણ એ જ મિશન, દરેક નાગરિક રાષ્ટ્ર નિર્માતાનો સંદેશો લઈ ૧૨ વર્ષમાં ભારતે વિમાં આગવી ઓળખ ઉભી કર્યાનો સંદેશો લઈને રાજય અને રાષ્ટ્ર કક્ષાએ સ્પોટર્સમાં શ્રેષ્ઠ કામગીરી બદલ શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવનાર સરકારી ૩૩ વર્ષ અને પ્રાઈવેટ ૧૧ વર્ષ કુલ ૪૪ વર્ષની શિક્ષક તરીકે ફરજ બજાવી રહેલ અને હોકી ગુજરાતના સીનીયર વાઈસ પ્રેસીડન્ટ વેઈટ લીફટીંગ એસોસીએશન અમરેલીના સેક્રેટરી આઈ.પી. બારડના ઘરે ઉર્જા અને કાયદો રાજય મંત્રી કૌશિકભાઈ વેકરીયા સાહેબ તથા ટીમ ભાજપ પધારતા બારડ પરિવાર તરફથી ફુલહારથી સ્વાગત કરવામાં આવેલ. મંત્રી ચુંટાયા બાદ મારા ઘરે પધારતા અતિ આનંદ થયો. શ્યામનગરના રહેવાસીઓ આ પહેલને બિરદાવેલ. મુલાકાત દરમ્યાન રમત ગમતના વિકાસ માટે અમરેલીમાં લાલાવદર ખાતે બની રહેલ અદ્યતન અને વલ્ડ લેવલની સુવિદા ધરાવતા સ્પોટર્સ સંકુલની ચર્ચા કરવામાં આવેલ સાથે ગુજરાતમાં ઓલમ્પીક લાવવા હમણા જ એશિયન વેઈટ લીફટીંગ સ્પર્ધા અને વર્લ્ડ યોગા સ્પર્ધા સફળ રીતે પૂર્ણ કરી મંત્રીની મુલાકાતની યાદગીરી રૂપે આપણી રાષ્ટ્રિય રમત હોકી રમતનો સ્મૃતિ ચિન્હ રૂપે હોકી બોલ અર્પણ કરેલ. આ પ્રસંગે અમરેલી જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મેહુલભાઈ ધોરાજીયા, શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલીયા, કારોબારી ચેરમેન મૌલિકભાઈ ઉપાધ્યાય, મહામંત્રી શહેર યોગેશભાઈ ગણાત્રા, નગર સેવક હરિભાઈ કાબરીયા, વિદુરભાઈ ડાબસરા, અમરેલી શહેર ભાજપ મહામંત્રી રાકેશભાઈ સાવલિયા, ભાજપ આગેવાન સંજયભાઈ રામાણી, આકાશ જોષી તથા સ્મિત લાખાણી હાજર રહેલ.

પાલિકાના જનપ્રતિનિધિઓ અને અધિકારીઓની ઉપસ્થિતિમાં

# અમરેલીના ખોડલધામ પાર્ટી પ્લોટ ખાતે બિલ્ડર એસોસીએશનની જનરલ બોર્ડ બેઠક યોજાઇ

## પાલિકાના શાસકોએ પુરતો સહયોગ કરવાની ખાત્રી આપી



અમરેલી, તા. ૨૩

અમરેલી મુકામે અમરેલી બિલ્ડર એસોસીએશનની જનરલ બોર્ડની મીટીંગ અમરેલીના ચક્કરગઢ રોડ, ખોડલ ધામ પાર્ટી પ્લોટ ખાતે મળેલ હતી. જેમાં એજન્ડા મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તમામ પરિપત્રોની તમામ જાણકારી આપવામાં આવી હતી. બિલ્ડરોને લગતા તમામ પરમિશનના પ્રશ્નોની જાણકારી આપવામાં આવી હતી. તમામ સભ્યોના ઓળખકાર્ડ બનાવવાના તમામ સભાસદોની દસ લાખની પોલીસી લેવાની કોઈપણ સભાસદોની કોઈપણ તકલીફ પડતી હોય તો તેમાં ખડે પગે હાજર રહેવાની બધાએ ખડે પગે હાજર રહેવાની સહમતી દર્શાવી હતી.

ગત વર્ષના આવક જાવકના હિસાબોને બહાલી આપવામાં આવી અને સત્તા પ્રકારની રજૂઆતના પગલે આગળના રજૂઆત કરવામાં આવી અને તેમના સોલ્યુશનના ખાત્રી આપવામાં આવી હતી. અને જે બિલ્ડરનું કામકાજ કરતા હોય છે તેમાં સાઇડ ઉપર સ્વચ્છતા રાખવી અને નગરપાલિકામાં મકાનો વેરામા ચઢાવી દેવા અને સોસાયટીમાં પાણી અને ગટર સારી રીતે બનાવવા અને પાણીનો બગાડ કરવો નહીં જયાં ત્યાં કચરો ફેકવો નહીં તેની પણ રજૂઆત કરવામાં આવી હતી. અને અમરેલીમાં સારામાં સારા બિલ્ડિંગ બને તેવી મેહુલભાઈ ધોરાજીયાએ આછા વ્યક્ત કરી તમામ નગરપાલિકાના નવનિયુક્ત નગર સેવકોનું અમરેલી શાનદાર સ્વાગત કર્યુ અને નગરપાલિકાના પ્રમુખના પ્રતિનિધિ સંદીપભાઈ માંગરોળીયા અને તેમની આખી ટીમેં કામ માટેની બાંહેધરી આપેલ હતી.

અમરેલીને વેગવંતુ બનાવવું છે અને સારૂ ડેવલોપ કરી અને સારૂ સીટી બનાવવું છે તેમાં બધાના સહકારની જરૂર પડશે એવી વાતની પણ ટકોર કરવામાં આવી અને કૌશિકભાઈ વેકરીયાએ પણ તેની ટેલીફોનિક વાત કરી હતી અને તમામ વિગતવાર ચર્ચાઓ બિલ્ડર એસોસિએશનના પ્રમુખ હિંમતભાઈ સોળિયાએ કરેલ અને ICICI બેંકના મેનેજર તમામ માહિતી આપે અને પ્લોટ ઉપર લોન લેવી અને હોમ લોન, કોમર્શિયલ લોન વિહિકલ લોન તમામ પ્રકારની લોનો માટે લોન દેવા માટેની તૈયારી દર્શાવેલ અને બિલ્ડર એસોસિએશનને સહકાર આપવા અને બિલ્ડરે એસોસિએશન સહકાર આપવાની ખાતરી આપેલ હતી.

આ બેઠકમાં સંદીપ માંગરોળીયા, વીરલ પોપટ, જિલ્લા ભાજપ પ્રમુખ મેહુલભાઈ ધોરાજીયા, શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલીયા, ભાજપ શહેર મહામંત્રી રાકેશ સાવલિયા, નગરપાલિકામાંથી ટીપી શાખાના ટાઉન પ્લાનર રાડિયા તથા હાર્દિકભાઈ નગરપાલિકાના સદસ્ય સંજયભાઈ રામાણી, હરેશભાઈ કાબરીયા દિલીપભાઈ વાળા, ચંદુભાઈ ખણેસા, ચિરાગભાઈ ત્રિવેદી, સંજયભાઈ ભેસાણીયા, હરેશભાઈ સાવડા, ચિરાગભાઈ દેસાઈ, સમીરભાઈ જાની, મહેશભાઈ જાવિયા નિરજભાઈ ડોડીયા, બાબરીયા ભાઈ, અલકાબેન ગોંડલીયા, અમરેલીના ઉદ્યોગપતિ દિનેશભાઈ ભુવા, અમરેલી ડિસ્ટ્રિક્ટ ઓફ ચેમ્બર્સ પ્રમુખ ચતુરભાઈ અકબરી હરેશભાઈ સાદરાણી તથા બિલ્ડર એસોસિએશનના પ્રમુખ હિંમતભાઈ સોળિયા, ઉપપ્રમુખ રાજુભાઈ શિયાણી, દીપકભાઈ મહેતા, દયાળભાઈ સંઘાણી, ખજાનચી હિરેનભાઈ રાસડીયા, જયંતીભાઈ મનાણી, મનસુખભાઈ ચૌહાણ, સહખજાનશી જયસુખભાઈ દેવાણી, ચંદુભાઈ ખણેચા મહામંત્રી ચંદુભાઈ વોરા, સંજયભાઈ વાગડિયા મંત્રી દિવ્યેશભાઈ તળાવીયા, મહેશભાઈ જાવિયા, પારસભાઈ છત્રોલા, સહમંત્રી વિજયભાઈ કાછડીયા, જયસુખભાઈ પાનેલીયા તથા તમામ કારોબારી સભ્યઓ સલાહકાર સમિતિ સભ્યો અને તમામ હોદ્દાદારો અને સભ્યો હાજર રહેલ તમામ કાર્યક્રમનું સંચાલન સંજયભાઈ વાગડિયા, વિજયભાઈ કાછડીયા અને રાજુભાઈ શ્યાણી કરેલ અને આભાર વિધિ દિવ્યેશભાઈ તળાવીએ કરેલ હતી.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઇન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઇન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪








અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્શિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦



આપણો સમાજ
એજયુકેશન કન્સલ્ટન્સી
ધોરણ 10 અને 12 પછી થતા ઉત્તમ કારકિર્દી ધરાવતા અભ્યાસક્રમો
BSC NURSING
MSC NURSING
PBBSC NURSING
ANM NURSING
GNM NURSING
BHMS / BAMS
B.C.A., B.A., P.T.C., B.ed.
તેમજ ધોરણ 10 અને 12 માં NIOS બોર્ડની વ્યવસ્થા
SC/ST વિદ્યાર્થીઓને 100% સરકાર માન્ય સંપૂર્ણ સ્કોલરશીપ મળવાપાત્ર
Nikunj Chauhan 81414 55245
Bhavesh Vegda 93271 22692
:: એડ્રેસ ::
પ્રથમ માળ, સાકાર કોમ્પ્લેક્ષ, નાના બસ સ્ટેન્ડ, નાગનાથ મંદિર પાસે, અમરેલી - ૩૬૫૬૦૧



રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠ્ઠા
Mo. 93770 03636



જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241




















### મુંબઇમાં વરસાદ પડે એટલે ગુજરાતમાં થોડા દિવસો પછી આવે જ

# ૧૨ દિવસના વિલંબ બાદ મુંબઈમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

## હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ગુજરાત અને મધ્યપ્રદેશમાં આગામી ૨-૩ દિવસમાં ચોમાસું પહોંચશે

મુંબઈ,તા.૨૩

હાલ દેશભરમાં હવામાન બદલાઈ રહ્યું છે ત્યારે ગુજરાત માટે રાહતના સમાચાર આવ્યા છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ૨ થી ૩ દિવસમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ગુજરાતમાં પ્રવેશ કરી શકે છે. જો કે, હાલ રાજ્યમાં પ્રી-મોન્સૂન એક્ટિવિટી અને ગરમીનો બેવડો માહોલ જોવા મળી રહ્યો છે, જેમાં ગાંધીનગરમાં સોમવારે તાપમાન ૪૧□C ને પાર નોંધાયું હતું. બીજી તરફ, મુંબઈમાં સામાન્ય કરતાં ૧૨ દિવસની વિલંબ બાદ મંગળવારે ચોમાસાનું વિધિવત આગમન થઈ ગયું છે અને ત્યાં ધોધમાર વરસાદ શરૂ થયો છે.ચોમાસું તેલંગાણા, ઓડિશા, છત્તીસગઢ, ઝારખંડ અને બિહારના કેટલાક ભાગોમાં આગળ વધી ચૂક્યું છે. હૈદરાબાદમાં ભારે વરસાદને કારણે અનેક વિસ્તારો અને સોસાયટીઓમાં પાણી ભરાઈ ગયા છે અને વીજળી ગુલ થઈ ગઈ છે.

મુંબઈમાં પણ આગામી સમય માટે વરસાદનું 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરાયું છે. જો કે, દેશમાં અત્યાર સુધી સરેરાશ સામાન્ય ૧૦૬ મિમીની સરખામણીએ માત્ર ૬૦.૬ મિમી વરસાદ પડ્યો છે,

જે સામાન્ય કરતાં ૪૩% ઓછો છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ગુજરાત અને મધ્યપ્રદેશમાં આગામી ૨-૩ દિવસમાં ચોમાસું પહોંચશે, જ્યારે ઉત્તર પ્રદેશમાં તેની એન્ટ્રી ૩-૪ દિવસ પછી થશે.

દિલ્હી, હરિયાણા અને પંજાબ જેવા રાજ્યોએ ચોમાસા માટે જુલાઈ સુધી રાહ જોવી પડશે. દિલ્હીમાં મંગળવારે બપોરે ધૂળની ડમરીઓ સાથે જોરદાર આંધી ચાલતા દિવસ દરમિયાન જ અંધારપટ છવાઈ ગયો હતો.દેશના ૮ રાજ્યો ગરમીની લપેટમાં છે, જ્યાં પારો ૪૦°C ને પાર પહોંચી ગયો છે. દેશમાં સૌથી વધુ તાપમાન ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ૪૩.૩°C નોંધાયું હતું.

આગામી ૨૪ અને ૨૫ જૂન દરમિયાન આસામ, મેઘાલય અને અરુણાચલ પ્રદેશમાં ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ છે, જ્યારે રાજસ્થાન, હિમાચલ, ઉત્તરાખંડ, દિલ્હી અને પંજાબમાં પ્રી-મોન્સૂન એક્ટિવિટીના કારણે વાવાઝોડા સાથે વરસાદ થવાની સંભાવના છે.


# શાળા પ્રવેશોત્સવઃ માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલો વારસો બન્યો 'પ્રગતિનો પ્રવેશોત્સવ'

અમરેલી, તા. ૨૩

ઈતિહાસની સૌથી મોટી વિશેષતા એ છે કે એ મોટાભાગે એવી ક્ષણોમાં રચાતો હોય છે, જયારે કોઈની નજરમાં તે ક્ષણ અસામાન્ય કે વિશેષ નથી હોતી. એક બાળકનો પ્રથમ વખત શાળામાં પ્રવેશ થવો એ પણ આમ તો એક સામાન્ય ઘટના જ લાગે છે. પણ જે નજરો આ સામાન્ય લાગતી બાબતમાં ઊંડાણ જુએ છે, તે જાણે છે કે એ એક નાનકડા પગલામાં કેટલીય પેઢીઓનું ભવિષ્ય સમાયેલું હોય છે. શાળામાં પ્રવેશી રહેલા બાળક માટે એ શાળાનું દ્વાર જ નથી ખૂલતું, પરંતુ તેની સાથે તેના પરિવાર માટેની સંભાવનાઓ પણ ખૂલે છે, સમાજની આશાઓને નવી પાંખો મળે છે અને આવનારા કાલની અસંખ્ય શકયતાઓ પણ તે ક્ષણે જન્મ લેતી હોય છે. આ જ કારણ છે કે, જયારે આપણે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને આપણા વર્તમાન માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદષ્ટિથી શરૂ કરવામાં આવેલા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રાની ૨૩ વર્ષોની ગૌરવશાળી યાત્રા પર નજર કરીએ છીએ, ત્યારે તે ફકત કોઈ સરકારી અભિયાનની સાફલ્યગાથા જ નથી લાગતી, પરંતુ તે એક એવા સામાજિક પરિવર્તનની ગાથા લાગે છે, જેણે ગુજરાતની અનેક પેઢીઓને જીવનની નવી દિશા પ્રદાન કરી છે.

જયારે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વર્તમાન યશસ્વી વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઈ મોદીએ જયારે વર્ષ ૨૦૦૩માં આ અભિયાનનો પાયો નાખ્યો હતો, ત્યારે રાજય અનેક સામાજિક અને વિકાસલક્ષી પડકારોનો સામનો કરી રહ્યું હતું. શિક્ષણનું ક્ષેત્ર પણ એ પડકારોમાંનું એક હતું. વર્ષ ૨૦૦૧–૦૨માં શાળા છોડીને જનારા બાળકોનો દર ૩૭ ટકાથી પણ વધુ હતો, એટલે કે લગભગ દરેક ત્રીજું બાળક શિક્ષણના મુખ્ય પ્રવાહમાંથી બહાર થઈ જતું હતું. રાજયના અનેક પરિવારોમાં હજુ પણ શિક્ષણના મહત્વ અંગે પૂરતી જાગૃતિનો અભાવ હતો, જયારે સામાજિક અને આર્થિક મર્યાદાઓના કારણે દીકરીઓના શિક્ષણને વિશેષ પડકારોનો સામનો કરવો પડતો હતો.

એવા સમયે આપણા લોકપ્રિય જનનેતા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક એવો વિચાર રજૂ કર્યો, જે સાંભળવામાં ભલે સરળ લાગતો હોય, પરંતુ તેનાં પરિણામો આગળ જતાં અત્યંત ક્રાંતિકારી સાબિત થયાં. 'શિક્ષણ માત્ર સરકારનો વિષય નહીં, પરંતુ સમગ્ર સમાજનો સંકલ્પ બનવો જોઈએ,' આ વિચાર નરેન્દ્રભાઈ મોદીનો વિચાર હતો, અને આ જ વિચારે આ અભિયાનને માત્ર એક વહીવટી કાર્યક્રમ સુધી સીમિત ન રાખતાં, જનઆંદોલનનું સ્વરૂપ આપ્યું. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની સેથી મોટી વિશેષતા એ રહી કે તેણે શાસન અને સમાજ વચ્ચેનું અંતર દૂર કરી દીધું. મુખ્યમંત્રીથી લઈને મંત્રીઓ સુધી, ધારાસભ્યોથી લઈને આઈ.એ.એસ., આઈ.પી.એસ. અને એ.એફ.એસ. અધિકારીઓ સુધી, સૌ કોઈ ગામે–ગામ પહોંચ્યાં, પરિવારોને મળ્યાં અને બાળકોનો હાથ પકડીને તેમને શાળાના દ્વાર સુધી લઈ ગયાં. છેલ્લાં ૨૩ વર્ષોથી આ પરંપરા અવિરત ચાલુ રહી છે.કોઈ વ્યકિએ રજૂ કરેલા વિચારની સાચી શકિત તેના શબ્દોમાં નહીં પરંતુ, તે વિચારને અમલી બનાવ્યા પછી તેનાં પરિણામોમાં જોવા મળે છે. છેલ્લાં ૨૩ વર્ષોમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રાના વિચારે પણ પોતાની સાર્થકતા આ જ કસોટી પર સાબિત કરી છે. આ પહેલની સૌથી મોટી ઉપલબ્ધિ ફકત શાળાઓ સુધી બાળકોની પહોંચમાં થયેલો વધારો જ નથી, પરંતુ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રાના માધ્યમથી શિક્ષણ દ્વારા લાખો જીવનમાં આવેલું સકારાત્મક પરિવર્તન તેની સૌથી મોટી સિદ્ધિ છે. વર્ષ ૨૦૦૩માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી જે બાળકોએ પ્રથમ વખત શાળામાં પગ મૂકયો હતો, તેમાંથી આજે કોઈ ડોકટર છે, કોઈ એન્જિનિયર, કોઈ શિક્ષક, તો કોઈ સફળ ઉદ્યોગ–સાહસિક છે; પરંતુ, આ તમામની એક સમાન ઓળખ એ છે કે નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશી વિચારસરણી અને શાળા–પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી રથયાત્રા જેવા પ્રયાસોએ તેમને શિક્ષણના માપ્રયમથી પોતાનાં સપનાંઓને સાકાર કરવાની તક પ્રદાન કરી છે.કોઈ પણ સમાજમાં કાયમી પરિવર્તન ત્યારે આવે છે, જયારે તે સમાજની દીકરીઓ પ્રગતિ કરે છે. મોદીજી તેમના નેતૃત્વના પ્રારંભિક તબક્કામાં જ સમજી ગયા હતા કે ગુજરાતના ભવિષ્યને જો સશક્ત બનાવવું હશે તો દીકરીઓના શિક્ષણને જનઆંદોલનનું સ્વરૂપ આપવું જ પડશે. આ વિચાર સાથે કન્યા કેળવણી રથયાત્રાને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનો એક અભિન્ન ભાગ બનાવવામાં આવ્યો. છેલ્લા બે દાયકાઓમાં ગુજરાતમાં દીકરીઓના શિક્ષણ પ્રત્યે સમાજના દષ્ટિકોણમાં જે પરિવર્તન આવ્યું છે, તે માત્ર સરકારી પ્રયાસોનું પરિણામ નથી, પરંતુ એક સામૂહિક જાગૃતિ અને ચેતનાનું પરિણામ છે. આજે માતા–પિતા પોતાની દીકરીઓને શાળામાં મોકલવા સુધી જ સીમિત નથી રહેતાં, પરંતુ તેમને ઉચ્ચ શિક્ષણની નવી ઊંચાઈઓ સર કરતી અને પોતાનાં સપનાંઓને સાકાર કરતી જોવા પણ આતુર રહે છે.માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આરંભાયેલા સામાજિક પરિવર્તનના આ સંકલ્પને વધુ મજબૂત બનાવવા માટે રાજય સરકારે નમો લક્ષ્મી યોજના શરૂ કરી છે, જેની હેઠળ ધોરણ ૯થી ૧૨માં અભ્યાસ કરતી દીકરીઓને રૂ.૫૦,૦૦૦ સુધીની આર્થિક સહાય આપવામાં આવે છે. સાથે જ, વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના ઉદેશથી નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના પણ અમલમાં મૂકવામાં આવી છે, જેના હેઠળ ધોરણ ૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા પાત્ર વિદ્યાર્થીઓને બે વર્ષ દરમિયાન કુલ રૂ.૨૫,૦૦૦ની સહાય આપવામાં આવે છે. અમારો દઢ સંકલ્પ છે કે, આર્થિક મર્યાદાઓ હવે કોઈ પણ વિદ્યાર્થીનાં સપનાંઓને અવરોધશે નહીં.શિક્ષણનો ઉદેશ માત્ર બાળકોનું શાળામાં માત્ર નામાંકન સુનિશ્ચિત કરવાનો નથી હોતો, પરંતુ તેની સાચી સાર્થકતા ત્યારે સાબિત થાય છે, જયારે બાળક શાળામાં રહીને શીખવાની જિજ્ઞાસા, વિચારવાની સ્વતંત્રતા અને પોતાની અંદર રહેલી સંભાવનાઓને ઓળખવાની દષ્ટિ વિકસાવી શકે. આ જ વિચાર સાથે વર્ષ ૨૦૦૯માં તત્કાલીન મુખ્યમંત્રી તરીકે માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં શરૂ થયેલો ગુણોત્સવ આજે ગુણોત્સવ ૨.૦ (જીએસકયુએસી) તરીકે વિકસ્યો છે, અને શાળાઓમાં ગુણવત્તા આધારિત મૂલ્યાંકનની એક સુદઢ પરંપરા સ્થાપિત થઈ છે. તે જ રીતે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ને અનુરૂપ વિકસિત કરવામાં આવેલ સ્કૂલ ક્વાલિટી એસેસમેન્ટ એન્ડ એશ્યોરન્સ ફ્રેમવર્ક (એસકયુએએફ) અંતર્ગત શાળાઓની ગુણવત્તાના મૂલ્યાંકન માટે ૨૧૧ માપદંડો નિર્ધારિત કરવામાં આવ્યા છે, જે બાળકોના સર્વાંગી વિકાસ, શિક્ષણની ગુણવત્તા અને શૈક્ષણિક શ્રેષ્ઠતાને સુનિશ્ચિત કરવાની દિશામાં એક મહવપૂર્ણ પગલું છે. વધુમાં, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ને અનુરૂપ ગુજરાતે ૫+૩+૩+૪ શૈક્ષણિક માળખું પણ અમલમાં મૂકયું છે અને બાલવાટિકાનું સાર્વત્રિક અમલીકરણ પણ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. આ સાથે આધુનિક ટેકનોલોજીએ પણ આ યાત્રામાં એક સશક્ત ભૂમિકા ભજવી છે. ડિજિટલ રીતે જન્મનોંધણીની સિસ્ટમ અને ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટિમના એકીકરણથી પ્રત્યેક બાળક સુધી પહોંચ અને તેનું સતત મોનિટરિંગ સુનિશ્ચિત થયું છે. આ ઉપરાંત, ગુજરાતનું વિદ્યા સમીક્ષા કેન્દ્ર, જે ભારતની પ્રથમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) સંચાલિત શૈક્ષણિક મોનિટરિંગ વ્યવસ્થા છે, તે સમગ્ર શિક્ષણ–પ્રણાલીનું રિયલ–ટાઈમ મોનિટરિંગ કરે છે. આ જ વ્યવસ્થા હેઠળ કાર્યરત એઆઈ આધારિત અર્લી વાર્નિંગ સિસ્ટિમ સંભવિત રીતે શાળા છોડવાનું જોખમ ધરાવતાં બાળકોની અગાઉથી ઓળખ કરીને સમયસર જરૂરી માર્ગદર્શન આપે છે. રાજય સરકારના આ પ્રયાસો દર્શાવે છે કે અમે શાળા પ્રવેશોત્સવની મૂળ ભાવનાને આધુનિક યુગમાં એક નવી પ્રાસંગિકતા પ્રદાન કરી છે. કોઈ પણ અભિયાનની સાચી તાકાત ત્યારે સિદ્ધ થાય છે, જયારે સમાજ પોતે જ તેનો ભાગીદાર બને. છેલ્લા ૨૩ વર્ષોમાં જનતા અને વિવિધ સંસ્થાઓ દ્વારા શાળાઓને લગભગ રૂ. ૩૨૬ કરોડથી વધુની સહાય પ્રાપ્ત થઈ છે. એ જ રીતે, શાળા વ્યવસ્થાપન સમિતિઓમાં ૭૫ ટકા વાલીઓની ભાગીદારી અને ૫૦ ટકા મહિલા પ્રતિનિધિત્વે શિક્ષણને સાચા અર્થમાં એક સામૂહિક જનઆંદોલનનું સ્વરૂપ આપ્યું છે. આ ઉપરાંત, ગુજરાત સરકારની મુખ્યમંત્રી જ્ઞાન સાધના યોજના અને જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશિપ જેવી યોજનાઓ આજે એવા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે નવી તકોનાં દ્વાર ખોલી રહી છે, જેઓ પ્રતિભા ધરાવતા હોવાછતાં સંસાધનોના અભાવે પોતાનાં સપનાંઓને અધૂરાં છોડવા માટે મજબૂર બની જતા હતા.આપણા યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ એક પ્રસંગે કહ્યું હતું કે, 'જો આપણે વિકસિત ભારતનું નિર્માણ કરવું હોય, તો આપણા બાળકોના સપનાઓને બળ આપવું પડશે.' શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રાની ૨૩ વર્ષની આ યાત્રા તેમના આ વિચારનું જીવંત પ્રતિબિંબ છે. ધરતીમાં બીજ રોપનાર જાણતો હોય છે કે તે પોતે કદાચ એ બીજમાંથી ઊગનારા વૃક્ષની છાયામાં કયારેય નહીં બેસી શકે, છતાં પણ તે સંપૂર્ણ વિસ સાથે બીજને ધરતીમાં રોપે છે. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રા પણ આદરણીય મોદીજી દ્વારા વાવવામાં આવેલું એવું જ એક દૂરંદેશી બીજ છે, જે આજે શિક્ષણ, સમાન તકો અને સામાજિક જાગૃતિના વિશાળ વટવૃક્ષ તરીકે આપણી સમક્ષ ઊભું છે, જેની છાયામાં ગુજરાતની નવી પેઢીઓ પોતાનાં સપનાંઓને આકાર આપી રહી છે.સમય વીતે છે, નેતૃત્વ બદલાય છે, યોજનાઓ પણ બદલાતી રહે છે, પરંતુ, કેટલાંક વિચાર બીજ એવા હોય છે, જે પેઢીઓના ભાગ્યનો અભિન્ન હિસ્સો બની જાય છે. આ પહેલ એવા જ એક વિચારની જીવંત અભિવ્યકિત છે, જેણે લાખો બાળકોને તક, લાખો દીકરીઓને આત્મવિસ અને સમગ્ર સમાજને નવી દિશા પ્રદાન કરી છે. ભવિષ્યની પેઢીઓ જયારે ગુજરાતની વિકાસયાત્રાનો ઈતિહાસ લખશે, ત્યારે પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આ પ્રયાસોને એક ઐતિહાસિક સામાજિક ક્રાંતિ તરીકે હંમેશા યાદ કરવામાં આવશે.



ભૂપેન્દ્ર પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજય

### મોટો નિર્ણય લેવાની તૈયારીમાં સરકાર

# અલ-નીનો અને ઇથેનોલના કારણે ભારતમાં ખાંડનું સંકટ

## જો આ ટ્રેન્ડ ચાલુ રહેશે તો આગામી સીઝનમાં શેરડીના વાવેતર અને ઉત્પાદન બંને પર માઠી અસર પડી શકે છે

નવી દિલ્હી,તા.૨૩

ભારત વિશ્વના અગ્રણી ખાંડ ઉત્પાદક દેશોમાં સ્થાન ધરાવે છે, પરંતુ આગામી વર્ષોમાં આ ચિત્ર બદલાઈ શકે છે. હવામાન નિષ્ણાતોના મતે, આ વર્ષે અલ-નીનોની અસરને કારણે સામાન્ય કરતાં ઓછો વરસાદ થવાની આશંકા છે. આ સિવાય સરકારના ઈથેનોલ બ્લેન્ડિંગ પ્રોગ્રામ પર વધતા ફોકસને લીધે પણ શેરડીનો વપરાશ ઝડપથી વધી રહ્યો છે. બજારના નિષ્ણાતોનું કહેવું છે કે આ પરિસ્થિતિને જોતાં આગામી ઓછામાં ઓછા ૩ વર્ષ સુધી ભારત પાસે મોટા પાયે નિકાસ કરવા માટે વધારાની ખાંડ ઉપલબ્ધ નહીં રહે.

ભારતમાં શેરડીની ખેતીનો મોટો આધાર ચોમાસા પર રહેલો છે. હવામાન વિભાગના અંદાજ પ્રમાણે આ વર્ષે વરસાદ ઓછો રહી શકે છે અને જૂન મહિનામાં પણ દેશના ઘણા વિસ્તારોમાં ઓછી વર્ષા થઈ છે. પાણીની અછતની ભીતિને કારણે હવે કેટલાક ખેડૂતો શેરડીને બદલે સોયાબીન, તુવેર અને અન્ય ઓછું પાણી માગતા પાકો તરફ વળી રહ્યા છે. જો આ ટ્રેન્ડ ચાલુ રહેશે તો આગામી સીઝનમાં શેરડીના વાવેતર અને ઉત્પાદન બંને પર માઠી અસર પડી શકે છે.

ઉદ્યોગ જગતના આંકડા અનુસાર, ૨૦૨૫-૨૬ની સીઝનમાં ભારતનું ખાંડ ઉત્પાદન ઘટીને આશરે ૨.૭૯ કરોડ ટન રહેવાની ધારણા છે. તેની સામે દેશમાં દર વર્ષે ખાંડની ઘરઆંગણે વપરાશ લગભગ ૨.૮૫ કરોડ ટન જેટલી થાય છે. એટલે કે દેશમાં ખાંડની જરૂરિયાત તેના ઉત્પાદન કરતાં વધુ રહેશે. આ તફાવતને કારણે ખાંડ મિલો પાસે બચેલો સ્ટોક ઘટીને માત્ર ૩૫ લાખ ટન આસપાસ રહી જશે, જે છેલ્લા કેટલાક દાયકાઓનું સૌથી નીચું સ્તર હશે.

સરકાર ક્રૂડ ઓઈલના આયાત બિલને ઘટાડવા માટે પેટ્રોલિયમમાં ઈથેનોલનું પ્રમાણ વધારવા પર ખાસ ભાર મૂકી રહી છે. આ માટે શેરડી અને તેના બાય-પ્રોડક્ટ્સનો ઉપયોગ ઈથેનોલ બનાવવામાં મોટા પાયે થઈ રહ્યો છે. હાલમાં દેશમાં ઈથેનોલની માગ આશરે ૧૨થી ૧૩ અબજ લીટર છે, જે આગામી વર્ષોમાં વધીને ૩૦ અબજ લીટર સુધી પહોંચી શકે છે. આ સંજોગોમાં શેરડીનો એક બહુ મોટો હિસ્સો ખાંડ બનાવવાના બદલે ઈથેનોલ ઉત્પાદન તરફ ડાયવર્ટ થઈ જશે.

ભારત અગાઉ વૈશ્વિક ખાંડ બજારમાં ૧૦% હિસ્સો ધરાવતો વિશ્વનો બીજો સૌથી મોટો ખાંડ નિકાસકાર દેશ હતો અને ૨૦૨૨-૨૩ સુધીના ૫ વર્ષોમાં દર વર્ષે સરેરાશ ૬૮ લાખ ટન ખાંડ વિદેશોમાં વેચતો હતો. પરંતુ હવે સરકારની પ્રાથમિકતા દેશની સ્થાનિક સપ્લાય અને જરૂરિયાતો પૂરી કરવાની છે, જેથી આગામી સમયમાં નિકાસ પર કડક નિયંત્રણો ચાલુ રહેશે.

નિષ્ણાતોના મતે, જો અલ-નીનોની અસર વધુ ઘાતક રહી, તો ભારતે વિદેશોમાંથી ખાંડ પણ આયાત કરવી પડી શકે છે. આ પૂર્વે ભારતે છેલ્લે ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં દુષ્કાળને કારણે ખાંડ આયાત કરી હતી. તે પહેલાં ૨૦૦૯ અને ૨૦૧૦માં ભારતે કરેલી ખાંડની જંગી ખરીદીને કારણે આખી દુનિયામાં ખાંડના ભાવો આસમાને પહોંચી ગયા હતા. ઓછો વરસાદ, ઈથેનોલની માગ અને શેરડીની ખેતી પરનું આ દબાણ હાલમાં ભારતના ખાંડ ઉદ્યોગ સામે સૌથી મોટો પડકાર છે.

### સુશાસન પર્વ તથા વિશ્વ યોગ દિને

# અમરેલી ખાતે પીપલ્સ ક્રેડિટ સોસાયટી દ્વારા રોપા વિતરણ કાર્યક્રમ યોજાયો

## ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયા ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૨૩

અમરેલી ગત તારીખ ૨૧/૦૬/૨૦૨૬ને રવિવારના રોજ વિશ્વ યોગ દિન તેમજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સરકારે સતત ૧૨ વર્ષ સુશાસનનો રેકોર્ડ કરી ભારત દેશને એક ગરીમાપૂર્ણ સ્થાને પહોંચાડેલ તે અભૂતપુર્વ ક્ષણને હંમેશા યાદગાર બનાવવા માટે ધી અમરેલી પીપલ્સ ક્રેડિટ કો–ઓપ. સોસા. લી. –અમરેલી દ્વારા તથા સામાજીક વનીકરણ વિભાગ અમરેલી અને સરકારી આર્યુર્વેદીક હોસ્પીટલના સહયોગથી નિશુલ્ક વૃક્ષના રોપા વિતરણનો એક સંદેશાત્માક અને ગરીમાપૂર્ણ કાર્યક્રમ સરકારી આર્યુર્વેદીક હોસ્પીટલમાં ચાલતા યોગ શિબરમાં ધી અમરેલ પીપલ્સ સોસા.નાં સભાસદો તથા શિબીરાર્થીઓ માટે યોજાય ગયો. કાયદો, ઉર્જા અને સંસદીય બાબતોના રાજયમંત્રી કૌશીકભાઈ વેકરીયાનાં વરદ હસ્તે વૃક્ષના રોપાનું વિતરણ શરૂ કરવામાં આવેલ હતું. ત્યાર બાદ સામાજીક વનીકરણ વિભાગના વિશેષ આમંત્રીત સહજ, સરળ અને સૌમ્ય એવા રેન્જ ફોરેસ્ટ ઓફીસર જયરાજભાઈ વાળાનું સોસાયટીનાં ડિરેકટર સતીષભાઈ આડતીયા દ્વારા સ્વાગત કરી તેમના હસ્તે રોપાનું વિતરણ કરવાનો વિધીવત કાર્યક્રમ શરૂ કરવામાં આવેલો. તેમના દ્વારા વિવિધ રોપાઓનો પરિચય અને ઉછેર માટે યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ. યોગ શિબીરનાં તમામ શિબીરાર્થીઓએ તેમજ સોસા.નાં ઘણાં સભાસદોએ ઉત્સાહભેર પ્રકૃતિના ઉછેર અને જાળવણી માટે રોપા લઈ જઈ, તન–મનને સ્વસ્થ રાખવાની સાથે પ્રકૃતિના ઉછેર, સંવધર્વન અને જાળવણીને પણ એટલું જ મહત્વ આપવા રોપાઓ સાથે લઈ ગયેલા અને પ્રકૃતિ પ્રત્યે ઉત્તરદાયીત્વને નિભાવવાની અને આ માધ્યમથી પ્રકૃતિનાં સંવર્ધનને જાળવવાના સંદેશામાં તેઓને સહભાગી કર્યા તે બદલ આભાર અને ધન્યતાની લોગણી અનુભવતા હતાં. આ ક્ષણે અમરેલી ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ રીઝવાનાબેન બુખારી તેમજ જજોની સમગ્ર ટીમ યોગ શિબીરમાં ઉપસ્થિત થયેલા હોય તેમના સ્વાગતનો અને રોપાઓ આપવાનો આકસ્મિક અને ગૌરવપૂર્ણ મોકો મળી ગયો. તેઓ દ્વારા આ પ્રયાસને બીરદાવવામાં આવ્યો. આ કાર્યક્રમનું આયોજન ગરીમાપૂર્ણ રીતે થાય તે માટે સોસા.ના સ્વપ્નદ્રષ્યા ચેરમેન એ.ડી. રૂપારેલ (સી.એ.) તથા કાર્યદક્ષ મેને. ડિરે. નાગજીભાઈ સાવલીયાએ યોગ્ય માર્ગદર્શન આપેલ. આ કાર્યક્રમને ગ્રાઉન્ડ લેવલ પર સફળ બનાવવા માટે સોસા.નાં ડિરેકટર સતીષભાઈ આડતીયા, વિનુભાઈ રતનધાયરા અને જગદિશભાઈ સેલાણીએ જહેમત ઉઠાવેલ. રોપાનું યોગ્ય વિતરણ થાય તે સોસા.નાં કેશીયર પંકજભાઈ મહેતા, ભાવેશભાઈ દાફડા, મનીષભાઈ બગડાએ સુંદર આયોજન કરેલ. સોસા.નાં મેનેજર ધર્મેન્દ્ર જોશીએ યોગ્ય સંકલન કરી કાર્યક્રમને સફળ બનાવવાનાં યથાયોગ્ય નિષ્ઠાવાન પ્રયત્નો કર્યા. તેમ મેનેજર ધર્મેન્દ્ર જોશીની યાદી જણાવે છે.

# બગસરામાં જનતા કન્યા વિદ્યાલય અને શાળા નંબર ૪ના સંયુક્ત ઉપક્રમે પ્રવેશોત્સવ યોજાયો



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

અમરેલી, તા. ૨૩

બગસરા શહેરમાં શિક્ષણને પ્રોત્સાહન આપવાના હેતુથી જનતા કન્યા વિદ્યાલય અને શાળા નંબર ૪ બગસરાના સંયુકત ઉપક્રમે તાજેતરમાં એક શાનદાર પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના વાતાવરણને ઉત્સવમય બનાવીને નવા પ્રવેશ મેળવતા ભૂલકાંઓ અને વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી હર્ષોલ્લાસ સાથે આવકારવામાં આવ્યા હતા. આ વિશેષ કાર્યક્રમમાં મુખ્યમહેમાન તરીકે પ્રાંત અધિકારી કે.પી. નંદા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે નગરપાલિકાના પ્રમુખ નિરવભાઈ ગોંડલીયા, પાલિકાના સદસ્ય કાળુભાઈ કિકાણી, વિપુલભાઈ જાદવ અને મનિષાબેન આદ્રોદા હાજરી આપી હતી. આ ઉપરાંત બાળ કેળવણી મંદિરના દેવચંદભાઈ સાવલિયા તથા શાળા વ્યવસ્થાપન સમિતિના અનિભાઈ શેખ અને જગદીશભાઈ બૂમતારીયા સહિતના મહાનુભાવોની પ્રેરણાદાયક ઉપસ્થિતિમાં આંગણવાડી, બાલવાટિકા, ધોરણ ૯ તથા ધોરણ ૧૧ ના વિદ્યાર્થીઓને ઉત્સાહભેર પ્રવેશ આપવામાં આવ્યો હતો.

આ તકે ઉપસ્થિત સૌને સંબોધતા મુખ્ય મહેમાન પ્રાંત અધિકારી કે.પી. નંદાએ જીવનમાં શિક્ષણનું અનેરૂ મહત્વ સમજાવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને ખાસ પ્રેરણા આપતા જણાવ્યું હતું કે કોઈપણ સંજોગોમાં અધવચ્ચેથી શિક્ષણ છોડવું જોઈએ નહીં અને દરેક વિદ્યાર્થીએ કોલેજ સુધીનો પોતાનો ઉચ્ચ અભ્યાસ અચૂક પૂર્ણ કરવો જોઈએ. મહાનુભાવોના આ માર્ગદર્શન અને આશીર્વાદથી ઉપસ્થિત વિદ્યાર્થીઓ તથા વાલીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

### ધારાસભ્ય પદ પણ જોખમમાં

# AAP ધારાસભ્ય ચૈતર વસાવાને ૭ વર્ષની જેલ, પત્ની સહિત ૯ લોકો દોષિત

## ઘટનાના ૧ મહિના અને ૯ દિવસ બાદ તેઓ પોલીસ સ્ટેશનમાં હાજર થયા હતા આ કેસમાં લાંબી કાયદેસરની કાર્યવાહી અને ટ્રાયલ બાદ કોર્ટે આ ચુકાદો આપ્યો છે

નર્મદા,તા.૨૩

નર્મદા જિલ્લાના દેડિયાપાડા વિસ્તારમાં વન વિભાગની જમીન સંબંધિત વર્ષો જૂના કેસમાં આજે(૨૩મી જૂન) રાજપીપળા સેશન્સ કોર્ટે એક મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે આમ આદમી પાર્ટી(AAP)ના ધારાસભ્ય ચૈતર વસાવા તેમજ તેમની પત્ની સહિત કુલ ૯ આરોપીઓને આ કેસમાં દોષિત જાહેર કર્યા છે. કોર્ટે ચૈતર વસાવાને ૭ વર્ષની જેલની સજા ફટકારી છે.

આ સમગ્ર વિવાદ નવેમ્બર ૨૦૨૩માં નોંધાયેલી એક સત્તાવાર પોલીસ ફરિયાદ સાથે જોડાયેલો છે. આ ફરિયાદ મુજબ, ધારાસભ્ય ચૈતર વસાવા પર આક્ષેપ હતો કે તેમણે વન વિભાગના કર્મચારીઓને વાતચીત કરવા ઘરે બોલાવ્યા હતા. આ દરમિયાન તેમની સાથે મારામારી કરી હતી. એટલું જ નહીં, તેઓને સરકારી ફરજ કરતાં અટકાવીને, હવામાં ફાયરિંગ કરીને, તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઘટના બન્યા બાદ ચૈતર વસાવા લાંબા સમય સુધી ફરાર રહ્યા હતા અને ઘટનાના ૧ મહિના અને ૯ દિવસ બાદ તેઓ પોલીસ સ્ટેશનમાં હાજર થયા હતા. આ કેસમાં લાંબી કાયદેસરની કાર્યવાહી અને ટ્રાયલ બાદ કોર્ટે આ ચુકાદો આપ્યો છે.આ મામલે માહિતી આપતા ઈન્ચાર્જ સરકારી વકીલ વંદના ભટ્ટે જણાવ્યું હતું કે, 'આ કેસ વર્ષ ૨૦૨૩માં ફોરેસ્ટ ઑફિસર પર થયેલા હુમલા અંગેની છે. જેમાં ચૈતર વસાવા અને તેમની પત્ની સહિત કુલ ૯ આરોપીઓ સામેલ છે. આજે કોર્ટે તમામ આરોપીઓને દોષિત જાહેર કરી સજા ફટકારવાનો આદેશ કર્યો છે.'સરકારી વકીલના જણાવ્યાઅનુસાર, આ કેસ વર્ષ ૨૦૨૩ નો છે. દેડિયાપાડા વિસ્તારમાં વન વિભાગ (ફોરેસ્ટ) ની સરકારી જમીન પર વન કર્મચારીઓએ ગેરકાયદે થયેલું વાવેતર દૂર કર્યું હતું. આ બાબતની અદાવત રાખીને ધારાસભ્ય ચૈતર વસાવાએ વન કર્મચારીઓને પોતાના ઘરે બોલાવ્યા હતા. ત્યાં તેમને ધાક-ધમકી આપી, ધોલ-ધપાટ કરી અને પોતાની બંદૂક વડે હવામાં ગોળીબાર કરીને ભયનું વાતાવરણ ઊભું કર્યું હતું. આટલું જ નહીં, તેના બીજા દિવસે ધારાસભ્યના પીએ (PA) અને અન્ય ઈસમોએ વન કર્મચારીઓ પાસે બે વ્યક્તિઓને આપવાના બહાને ૬૦,૦૦૦ રૂપિયાની ખંડણી માંગી હતી.આ કેસમાં કાયદાકીય રીતે આરોપીઓને ભીંસમાં લેવા માટે સરકારી પક્ષે મજબૂત પુરાવા રજૂ કર્યા હતા. ભોગ બનનાર કર્મચારીએ ખંડણી આપવા માટે ડેડિયાપાડા નજીકના એટીએમ (ATM) માંથી પૈસા ઉપાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ટ્રાન્ઝેકશન નિષ્ફળ જતાં સ્લીપ નીકળી હતી. ત્યારબાદ કર્મચારીએ પોતાના ઉપરી અધિકારીને ફોન કરતાં અધિકારીએ ઓનલાઈન ૩૦-૩૦ હજાર ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં આ રકમ જે વ્યક્તિની જમીન પર ગેરકાયદેસર વાવેતર હતું ત્યાંથી જ મળી આવી હતી. કોર્ટે આ આખી કડી કમ્પ્લીટ હોવાનું નોંધીને તમામ પુરાવા ગ્રાહ્ય રાખ્યા હતા.અદાલતના હુકમ બાદ તમામ ૫ પુરુષ આરોપીઓ અને ૪ મહિલા આરોપીઓ (જેમાં એક ગર્ભવતી મહિલા અને એક નવજાત બાળકની માતા પણ સામેલ છે) ને રાજપીપળા જેલમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવાયા છે. નવજાત બાળકની માતાએ બાળકને સાથે રાખવાની મંજૂરી માંગી છે.ભારતીય બંધારણ અને લોકપ્રતિનિધિત્વ અધિનિયમના નિયમો અનુસાર, જો દેશના કોઈ પણ સાંસદ અથવા ધારાસભ્યને અદાલત દ્વારા ૨ વર્ષ કે તેથી વધુની જેલની સજા ફટકારવામાં આવે, તો તેમનું સભ્યપદ તાત્કાલિક અસરથી રદ થઈ જાય છે. રાજપીપળા કોર્ટે ચૈતર વસાવાને પૂરા ૭ વર્ષની સજા સંભળાવી હોવાથી, કાયદાકીય રીતે તેમનું ધારાસભ્ય પદ હવે રદ થવાના આરે છે. હવે વસાવા પાસે હાઈકોર્ટમાંથી આ સજા પર સ્ટે મેળવવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી.

# રાંઢીયા, રિકડીયા અને નાના આંકડીયા પ્રાથમિક શાળા ખાતે બાળકોને પ્રવેશ કરાવતાં જિલ્લા પ્રભારી સચિવ



આજથી કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૬-૨૭ ૨૪મી કડીનો રાજયવ્યાપી મંગળ પ્રારંભ થયો છે. આ અંતર્ગત અમરેલી જિલ્લા પ્રભારી સચિવ સંદિપકુમારે રાંઢીયા પ્રાથમિક શાળા, રિકડીયા પ્રાથમિક શાળા અને નાના આંકડીયા મુકામે બાલવાટિકા, આંગણવાડી અને ધોરણ ૧ અને ૯માં હર્ષોલ્લાસસાથે બાળકોને શાળા પ્રવેશ કરાવીને નામાંકન કરાવ્યું હતું. રાંઢીયા મુકામે આંગણવાડીમાં કુલ ૭ ભૂલકાઓ અને ધોરણ ૧માં ૯ બાળકોનું નામાંકન કરવામાં આવ્યું છે. સાથે રિકડીયા મુકામે બાલવાટિકામાં ૫ ભૂલકાઓ અને ધોરણ ૧માં ૧ બાળકનું નામાંકન થયું છે. જયારે નાના આંકડીયા મુકામે બાલવાટિકામાં ૧૮, આંગણવાડીમાં કુલ ૯ અને ધોરણ ૯માં ૨૮ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આજે પણ બાળકો હસતાં-રમતાં શાળા પ્રવેશ કરી રહ્યા છે. ગુજરાત રાજય સરકારે અદ્યતન સુવિધાઓથી સંપન્ન શાળાઓ બનાવી છે. આ સાથે શિક્ષકો પણ પોતાના બાળકની જેમ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને ઉછેર માટે પ્રતિબદ્ધતા સાથે મહેનત કરે છે. આજે ગુજરાતની સરકારી શાળાઓ આધુનિક સુવિધાઓની સાથે કોમ્પ્યુટર લેબ, સ્માર્ટ કલાસ સહિતની અદ્યતન શૈક્ષણિક સુવિધાઓથી સજજ છે. પ્રભારી સચિવ સંદિપકુમારે જણાવ્યું કે, શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી જેવા મહોત્સવ થકી શાળાઓમાં નામાંકન દર વધ્યો છે. દીકરીઓ ધોરણ ૮ બાદ પોતાનું શિક્ષણ ન છોડે તે જરૂરી છે. વાલીઓ સહિત સૌએ આ માટે સહિયારા પ્રયત્નો કરવા જરૂરી છે. કન્યાઓ ભણીગણીને આગળ વધીને પોતાના સપનાઓ સાકાર કરી શકે છે અને સમાજને સશક્ત બનાવવા માટે પોતાનું અમૂલ્ય યોગદાન આપી શકે છે. આપણે જોયું છે કે, આ વર્ષે હીટવેવની સમસ્યા ખૂબ વધી છે. પર્યાવરણ પ્રત્યે જાગૃત્ત બનીને દરેક વ્યક્તિએ વૃક્ષારોપણ કરીને તેનું જતન કરવું અનિવાર્ય બન્યું છે. પ્લાસ્ટિકમુકત ભારતના નિર્માણમાં દરેક વ્યક્તિ યોગદાન આપે તે જરૂરી છે. પ્રભારી સચિવએ પ્રવેશ મેળવતા બાળકોને ઉજજવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી. આ તકે દરેક શાળામાં વિદ્યાર્થીઓએ પર્યાવરણ બચાવો, જળ સંરક્ષણ, પ્લાસ્ટિક મુક્ત ભારત અને વિજ્ઞાનના યુગમાં આપણી જવાબદારી જેવા વિષયો અન્વયે પોતાના વિચારો વકૃત્વ આપીને અભિવ્યક્ત કર્યા હતા. સાથે બાળકોને પ્રવેશ વેળાએ મહાનુભાવોના હસ્તે શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતુ. પ્રભારી સચિવએ આંગણવાડી કેન્દ્રોની મુલાકાત કરીને નાનકડાં ભૂલકાઓને શિક્ષણમાં પા પા પગલી કરાવીને વ્હાલ વરસાવી આવકાર્યા હતા. રમત ગમત, એન.એમ.એમ. એસ, સી.ઈ.ટી, જ્ઞાન સાધના સ્કોલરશિપ જેવી પરીક્ષાઓ અને શૈક્ષણિક વર્ષ દરમિયાનની સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરીને તેમને ઈનામો સાથે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. દાતાઓની સેવાને બિરદાવીને તેમનું શાલ અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે મહાનુભાવોએ શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ પ્રસરાવ્યો હતો. અંતે સૌએ રોડ સેફટીના નિયમોનું પાલન કરવાની પ્રતિજ્ઞા સાથે શપથ લીધા હતા. આ પ્રસંગે તાલુકા પંચાયત હોદ્દેદારો, રાંઢિયા સરપંચ વિલાસબેન કાકડીયા અને અગ્રણી અરવિંદભાઈ કાકડીયા, રિકડીયા ગામના સરપંચ નરેશભાઈ વાળા સહિતના સ્થાનિક અગ્રણીઓ અને પ્રાથમિક શાળા આચાર્ય નિલેશભાઈ જોશી, નાના આંકડીયા ગામના સ્થાનિક હોદ્દેદારો, અગ્રણીઓ, હાઈસ્કૂલ આચાર્ય રામ, પ્રાથમિક શાળા આચાર્ય કુલદીપભાઈ મકવાણા, સ્કૂલ મેનેજમેન્ટ કમિટી સભ્યઓ, સહિત શાળાઓના શિક્ષકો, વિદ્યાર્થીઓ, બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## વંડા : પી.પી.એ.હાઈસ્કુલ ખાતે વિશ્વ યોગ દિવસની દબદબાભેર ઉજવણી

વંડા, તા.૨૩

'કરો યોગ,રહો નિરોગ'ના મહામંત્રને ચરિતાર્થ કરવા અને ભારતીય સંસ્કૃતિની પ્રાચીન ધરોહર સમાન યોગવિદ્યાના પ્રસાર - પ્રચારના હેતુથી, વંડા સ્થિત ખ્યાતનામ શૈક્ષણિક સંસ્થા પી.પી.એ.હાઈસ્કૂલ ખાતે ૨૧ જૂન, વિશ્વ યોગ દિવસની અત્યંત શાનદાર અને ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી.આ દિવ્ય અને સ્વાસ્થ્યવર્ધક કાર્યક્રમમાં આશરે ૪૦૦ જેટલા વિદ્યાર્થી ભાઈ- બહેનોએ ભારે ઉત્સાહ અને હર્ષોલ્લાસ સાથે ભાગ લીધો હતો.



આ કાર્યક્રમ સંસ્થાના માર્ગદર્શક અને વંડા ગ્રામ્ય વિસ્તાર કેળવણી મંડળના મેનેજિંગ ટ્રસ્ટી પરમ મનજીબાપા તળાવિયાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. કાર્યક્રમનો મંગલ પ્રારંભ શાળાની તેજસ્વી વિદ્યાર્થિની બહેનો અક્ષરા પરમાર અને ભક્તિ પાંચાણી દ્વારા સુમધુર સ્વરમાં ગવાયેલા વૈદિક શ્લોકોના ગાન સાથે થયો હતો. આ બંને બહેનોએ સમગ્ર કાર્યક્રમનું અદભુત અને પ્રવાહી સંચાલન કર્યુહતું. યોગાસનોના પ્રત્યક્ષ નિદર્શન થકી ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કરતાં શાળાની વિદ્યાર્થિની બહેનો ઊર્વિશા રાઠોડ, ઉમા પરનાળીયા, મકવાણા સ્નેહા, પરીતા ચૌહાણ અને સાક્ષી ત્રિવેદી એ વિવિધ કઠિન અને સરળ યોગાસનો રજૂ કર્યા હતા. એટલું જ નહીં, આ તમામ આસનોથી શરીર અને મનને થતા અગણિત શારીરિક અને માનસિક ફાયદાઓ વિશે વિસ્તૃત અને સરળ શૈલીમાં સમજૂતી પણ આપી હતી.

આ પ્રસંગે મેનેજિંગ ટ્રસ્ટી મનજીબાપા તળાવિયાએ આજના આધુનિક અને તણાવયુક્ત સમયમાં શારીરિક સ્વાસ્થ્યની જાળવણી માટે કસરત અને યોગના અનિવાર્ય મહત્વ પર પ્રકાશ પાડયો હતો અને વિદ્યાર્થીઓને જીવનમાં યોગને કાયમી અપનાવવા આહ્વાન કર્યુહતું. સંસ્થાના આચાર્ય સંજયભાઈ ચૌહાણે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતાં પ્રાણાયામ અને યોગ વચ્ચે રહેલા અતૂટ આધ્યાત્મિક સેતુ અને શ્વાસોચ્છવાસની પ્રક્રિયાના વિજ્ઞાન વિશે સચોટ અને ઉંડાણપૂર્વકની સમજ પૂરી પાડી હતી.આ ભવ્ય કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના પી.ટી.શિક્ષક, ડી.પી. તેમજ ઓઝાએ ભારે જહેમત ઉઠાવી સમગ્ર આયોજનને સુવ્યવસ્થિત રીતે પાર પાડયું હતું. વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કરવા શાળાના તમામ શિક્ષક ભાઈ-બહેનોએ પણ વિદ્યાર્થીઓ સાથે પલાંઠી વાળીનેવિવિધ યોગાસનો કર્યા હતા, જેણે સમગ્ર વાતાવરણને એકાત્મતા અને ઉર્જાથી ભરી દીધું હતું.કાર્યક્રમના અંતે વંડા ગ્રામ્ય વિસ્તાર કેળવણી મંડળ તરફથી કાર્યક્રમમાં સહભાગી થનાર તમામ ૪૦૦ વિદ્યાર્થી ભાઈ - બહેનોને પૌષ્ટિક નાસ્તો કરાવવામાં આવ્યો હતો. આમ, શારીરિક સ્ફૂર્તિ, માનસિક શાંતિ અને આધ્યાત્મિક ચેતનાના આ કાર્યક્રમની પૂર્ણાહુતિ અત્યંત હર્ષોલ્લાસ અને સકારાત્મક ઉર્જા સાથે સંપન્ન થઈ હતી.

## દામનગર ખાતે આજે શાળા પ્રવેશ ઉત્સવ ઉજવાશે



દામનગર, તા.૨૩

શ્રીમતિ નર્મદાબેન માધવરાય સવાણી પ્રાથમિક શાળા નંબર - ૨ (પીએમ શાળા) દામનગરમા આજેતા.૨૪-૦૬-૨૬ નેબુધવારના રોજ સવારનાં ૧૦ કલાકે અમરેલી કલેકટર વિકલ્પ ભારદ્વાજ અને લાઠી પ્રાંત અધિકારી બ્રહ્મભટ્ટની ઉપસ્થિતિમાં શાળા પ્રવેશ ઉત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ઉજવાશે. આ ઉત્સવમાંશહેરના આગેવાનો, વાલીઓ અને શાળા વ્યવસ્થાપન સમિતિનાં સભ્યો, શિક્ષણપ્રેમીઓ, અને સામાજીક કાર્યકરો હાજરી આપી બાળકોને પ્રોત્સાહિત કરશે. શાળાનાં આચાર્ય અને સ્ટાફે આ ઉત્સવને દિપાવવા અવશ્ય પધારવા જણાવેલ છે.

### ધારાસભ્ય જનક તળાવીયાની ઉપસ્થિતિમાં

## બાબરાનાં મોટા દેવળીયા ખાતે જન કલ્યાણ શિબિર યોજાઈ

### વિવિધ વિભાગો દ્વારા માર્ગદર્શન અને અરજીનો નિકાલ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

અમરેલી, તા. ૨૩

બાબરા તાલુકાના મોટા દેવળીયા ગામ ખાતે મોટા દેવળીયા જિલ્લા પંચાયત બેઠક વિસ્તારને આવરી લેતી જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જનહિતલક્ષી કાર્યક્રમમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. રાજય સરકાર દ્વારા પ્રજાલક્ષી યોજનાઓનો લાભ ગામડાંના છેવાડાના માનવી સુધી પહોંચે અને લોકોને સરકારી કચેરીઓના ધક્કા ન ખાવા પડે તેવા ઉદ્દેશ્ય સાથે આ જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ દ્વારા સરકારની કલ્યાણકારી યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સાથે જ નાગરિકોની અરજીઓ, પ્રશ્નો અને રજૂઆતોનો સ્થળ પર જ નિકાલ લાવવા પ્રયાસ કરવામાં આવ્યો હતો. આરોગ્ય, સામાજિક ન્યાય, કૃષિ, પશુપાલન, શિક્ષણ, આવાસ, પાણી પુરવઠા તેમજ અન્ય વિવિધ વિભાગોની યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુંહતું.આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે, રાજય સરકાર અને મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ લોકોના પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે જન કલ્યાણ શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સરકારની અનેક યોજનાઓનો લાભ દરેક પાત્ર લાભાર્થી સુધી પહોંચે તે માટે કાર્યકરો અને અધિકારીઓએ સંકલન સાથે કામગીરી કરવી જરૂરી છે. તેમણે ઉપસ્થિત નાગરિકોને સરકારની વિવિધ યોજનાઓનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કર્યો હતો.શિબિરમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી પોતાના પ્રશ્નો અને રજૂઆતો રજૂ કરી હતી. વિવિધ વિભાગોના અધિકારીઓએ સ્થળ પર જ માર્ગદર્શન આપી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. કાર્યક્રમ દરમિયાન લોકોએ સરકારની જન કલ્યાણકારી નીતિઓ અને વિકાસલક્ષી અભિગમને આવકાર્યો હતો.આ તકે જિલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયતના પ્રમુખ તથા સદસ્યો, તાલુકા ભાજપ પ્રમુખ, ભાજપ સંગઠનના કાર્યકર્તાઓ અને આગેવાનો, વિવિધ ગામોના સરપંચઓ, સરકારી અધિકારીઓ તેમજ હિરાણા અને આસપાસના ગામોના મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.જન કલ્યાણ શિબિરના સફળ આયોજનથી હિરાણા સહિત સમગ્ર મોટા દેવળીયા જિલ્લા પંચાયત બેઠક વિસ્તારમાં વિકાસ અને જનસેવાને વધુ વેગ મળ્યો હોવાનું ઉપસ્થિત આગેવાનો દ્વારા જણાવાયું હતું. સરકારની યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવાના પ્રયાસોને આ પ્રકારની શિબિરો વધુ મજબૂત બનાવે છે અને લોકો તથા તંત્ર વચ્ચેનો સંપર્ક પણ વધુ સુદ્રઢ બને છે.

### ભજન, ભોજન અને સંત દર્શનનો અનોખો સંગમ


## સુરતના તાપી કિનારે સંન્યાસ આશ્રમ ખાતે આવતીકાલે મૂર્તિ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ યોજાશે

### બ્રહ્મ લીન સંત જનાર્દન ગીરી બાપુની મૂર્તિ પ્રતિષ્ઠા કરાશે

બાબરા, તા. ૨૩

સુરત તાપી કિનારે આવેલ ગુરૂદત મંદિર સન્યાસ આશ્રમ ખાતે ત્રિદિવસીય મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

સુરત તાપી કિનારે આવેલા ગુરૂદત મંદિર સન્યાસ આશ્રમના મહંત જયગીરી બાપુના કાકા ગુરૂ બ્રહ્મલીન સંત જનાર્દન ગીરી બાપુની સમાધિ સ્થળે પૂજય જનાર્દન ગીરી બાપુની મૂર્તિની પ્રતિષ્ઠા તારીખ ૨૬/૬/૨૬ને ગુરૂવાર ભીમ અગિયારસના રોજ કરવામાં આવનાર છે આ મહોત્સવમાં સૌરાષ્ટ્ર ગુજરાતમાંથી સંતો, મહંતો, મહામંડલેરો, પધારનાર છે. તારીખ ૨૬/૬/૨૬ને ગુરૂવારે મૂર્તિ પ્રતિષ્ઠા અને



બપોરે ભોજન પ્રસાદ અને રાતે ભવ્ય સંતવાણીનું આયોજન કરાયું છે સંતવાણીના આરાધક દલસુખ પ્રજાપતિ, રાણાભાઈ ભરવાડ અને અનેક નામી અનામી કલાકારો



સંતવાણી રજૂ કરશે.

આ ભજન ભોજન અને સંત દર્શનના ત્રિવેણી મહોત્સવનો લાભ લેવા મહંત જયગીરી બાપુ અને તેમના સેવક સમુદાયએ અનુરોધ કર્યો છે.

## એશિયાટિક લાયન્સ માનવભક્ષી કે આદમખોર બનવા પાછળ જુદા-જુદા કારણો જવાબદાર છે

અમરેલી, તા. ૨૩

તાજેતરમાં તા.૨૧/૦૬/૨૦૨૬ના વર્તમાન પત્રમાં સિંહોના માનવ શિકાર બાબતે પ્રસિધ્ધ થયેલ વિસ્તૃત અહેવાલમાં વન્યજીવ નિષ્ણાંતોના વિશ્લેશણમાં સિંહો દવારા માનવ પર સતત હુમલા પાછળ (૧) ગેરકાયદેસર સિંહ દર્શન (૨) ક્ષમતાથી વધુ વસ્તી અને રેસિડેન્શિયલ ટ્રાન્સલોકેશન (૩) શારીરિક નબળાઈ અથવા ઈજા, (૪)માનવ ભુલો અને મોસમી કારણો, (૫)બચ્ચાની સુરક્ષા વિ. કારણો જણાવેલ છે. તે વાસ્તવિકતાની અપુરતી માહિતી અથવા ચોકકસ એજન્ડા સાથેની દલીલો છે. અને તેમાં માનવ જિંદગી કરતા અંગત શોખ કે પ્રેમ ઉચો છે. પ્રથમતો જો કોઈને વાસ્તવિકતાની પુરી જાણકારી હોય તો એવું જણાવે કે આ એશિયાટીક લાયન્સ માનવભક્ષી / આદમખોર બન્યા છે તે હકીકત છે. અને તે માટે આખી ૨૦મી સદીમાં કેટલા બનાવો બન્યા હતા અને છેલ્લા ૨૫વર્ષમાં કેટલા બનાવો બન્યા તેની તપાસ અને અવલોકન કરવાનું લોજીક વાપરે. જો તેમ કરે તો પુરવાર થશે અને જ્ઞાન થશે. બીજુ વિમાં કોઈ એવો દેશ નહી હોય કે જયાં આ રીતે જંગલી પ્રાણીઓ તેના માનવ વસાહતી વિસ્તારમાં રહેતા હોય. તેવું શા માટે જણાવતા નથી ? એક મુખ્ય કારણ આ સિંહોને પુરતો ખોરાક નથી મળ તો એ છે અને નથી મળતો તેનું કારણ આ પ્રજાતીનો કેરીંગ કેપેસીટી કરતા અનેક ગણો વસ્તી વધારો સાથે માલધારીઓને જંગલમાંથી બહાર કાઢવાની બુધ્ધીના દેવાળા સમાન નીતીના કારણે સિંહો જંગલમાં રહ્યા નથી. તેવું શું કામ જણાવતા નથી ? અને રીસોર્ટ થયા છે, માનવભુલ, ગેરકાયદેસર સિંહ દર્શન જેવા ચાલાકી ટેકનીક વાળા કારણો રજુ કરે છે તે સરકાર અને જનસમાજને ગેરમાર્ગે દોરનારા છે. એક ખેતીકામ કરતા ખેત મજુરનું નાનું બાળકને બિલાડી ઉંદરને ઉપાડી જાય તેમ ઉપાડી જાય છે કે એક ખેતીકામ કરતા ખેડુત પર સિધો હુમલો કરી શિકાર કરી લે (તાજેતરના જુનાસાવર, કોવાયા અને મહુવાના ગઢડાના બનાવો) તેમાં કયાં માનવ ભુલ કે ગેરકાયદેસર સિંહ દર્શન કે આસપાસ લાયન ટુરીઝમ જવાબદાર કે કારણરૂપ છે. ગીરમાં સિંહ અને માનવ વસાહત (માલધારી નેસડા) સૈકાઓથી સાથે રહેતા આવ્યા છે. છતાં કોઈ દિવસ આવા બનાવો બન્યા નથી. ત્યાં સુધી કે માલધારીઓ કે તેના નાના દિકરા-દીકરીઓ તેના વ્હાલા પશુને બચાવવા સિંહને મારણ પરથી દુર કરે તો પણ સિંહ તરફથી માનવ હુમલાના બનાવો ન બનતા. શબ્દકોષમાં એકવીસમી સદીમાં ઘણાં વાહીયાત શબ્દો આવ્યા છે તેવો એક શબ્દ આ લોકો 'ગેરકાયદેસર સિંહ દર્શન' લઈ આવ્યા છે. અને તેમાં રેવન્યુ વિસ્તારમાં એતો માનવ વસાહતની વચ્ચે સિંહ આવે અને આવે જ છે. ત્યાં કોઈ ઉભા કરે એટલે એને ગેરકાયદેસર સિંહ દર્શન ગણવામાં આવે છે. હવે આ તો માનવ સહજ બાબત છે કે બે વાહનો ટકરાય તો પણ લોકો ઉભા રહે છે. ઈવન બે ગાયો કે ભેંસો સામસામી ટકરાય તો પણ લોકો ઉભા રહે છે. તે જ ક્રમમાં સિંહ આવે અને લોકો ઉભા રહે તો તે ગેરકાયદેસર દર્શન ગણાય છે. કેવી બૌધ્ધીક દેવાળા કે પછાતપણાંની વ્યાખ્યા ? આને માટે તો વન વિભાગે ખાસ પ્રકારના બુરખા આપવા જોઈએ કે ગામ કે સીમમાં સિંહ દેખાય તેણે બુરખા પહેરી લે. જેમ કોરોના કાળમાં માસ્ક પહેરતા હતા તેમ.

બીજી વાસ્તવિક સાઈડ આ તજજ્ઞો કે એકટીવિસ્ટોનું લેબલ ધરાવતા, બીજા શબ્દોમાં કહુ તો શોખ અને એન્ટરટેઈન્ટ ધરાવતા લોકો કે જેઓ બધી જ રીતે પહોંચેલા નાણાં અને સમયની અનુકુળતા ધરાવતા છે. પણ કોઈ ગીરના જંગલમાં જન્મી મોટા થયા હોય કે જે પેઢી દરપેઢીથી આ ભુમી અને આ વાઈલ્ડલાઈફ સાથે નિસ્બત કે અનુભવ ધરાવતા હોય તેવા કેટલા ? જો આ નથી તો તેનો અભિપ્રાય કે વિસ્લેશણ વજુદ કે વિસપાત્ર કેટલું ? આજની સમસ્યાનું મુળ જ અહીં છે. આ તો બહુ જુનો રોગ છે કે જેઓ ગીરના સિંહો અને પ્રકૃતીને જાણે છે, યુગોથી વંશપરંપરાગત રહે છે અને જેઓ ગીરની ભુમીમા જન્મ્યા અને ઉછેર્યા છે તેવા કોઈનો અવાજ કે અભિપ્રાય વનનીતીમાં કે વાઈલ્ડલાઈફ નીતીમાં નથી. કેમ કે તેઓ કોઈપણ રીતે પહોંચ ધરાવતા નથી. તેઓ સારા દુરબીન કે અંગ્રેજી બુકો ધરાવતા નથી. તેઓ બર્મુડા પહેરતા નથી પણ પાઘડી અને ચોરણી જેવો પરંપરાગત પોશાક ધરાવે છે. વનનીતી કે ગાઈડલાઈનમાં તેને સાઈડ કરીને આ બહારના, બર્મુડા અને હેટ ધારી, કેમેરા, દુરબીન, અંગ્રેજી બુકસ વાળાનો પ્રભાવ છે. અને એટલે જ આ સમસ્યા કે સિંહ પરેશાન છે. હજી સુધી કોઈ તર્કસંગત રીતે નથી સમજાવી શકયુ કે ગીરમાંથી માલધારીઓને દુર કરવાથી સિંહો સુખી થયા છે કે ભટકતા કે પરેશાન ? તેવી જ રીતે કનકાઈ-બાણેજ જેવા ગીરની શાન જેવા ધાર્મીક સ્થાનો અને અન્ય આશ્રમોમાં લોકોની અવરજવાર મર્યાદીત કે પ્રતીબંધીત કરવાથી વાઈલ્ડલાઈફને શું મળ્યુ છે ? આવા અનેક વનનીતીમાં બહારના લોકોએ દુષ્પ્રભાવ પડયો છે. એટલુ જ નહી નામ.જયુડીશરીને પણ વાસ્તવીકતા લક્ષી બ્રીફીંગને બદલે મિસબ્રિફીંગ કે સપ્રેસીંગ મટીરીયલ ફેકટ કરીને સ્થાનીક વનવાસીઓનો અવાજ, અનુભવ કે વાસ્તવિકતા ન પહોંચે તેવુ બધુ ચાલે છે. ખેર, જે હોય તે પરંતુ નિષ્ણાંતોના મતે માનવ પર હુમલા વધવાના જે કારણો છે તે બિલ્કુલ મેન્યુપ્લેટેડ છે. વાસ્તવિકતાથી વિપરીત છે. ખરા કારણો તો એસિયાટીક લાયન્સ માનવભક્ષી કે આદમખોર બની રહયા છે, તેન કારણ તેમને પુરતો ખોરાક મળતો નથી. તેનું કારણ ક્ષમતા કરતાઅનેકગણી વસ્તી વધારો થયો છે. અને તેનું મુળ સ્થાન એવું ગીરજંગલથી બહાર નીકળીને રેવન્યમાં આવી ગયા છે. તેની પાછળના કારણ માલધારીઓને દર કરવા અને ગીરનં જંગલ ઘટ (ડેન્સી) બન્યુ છે તે છે. મહેસુલી વિસ્તાર કે જયાં ખેતી, પશુપાલનની આર્થીક પ્રવૃતી અને માનવ વસાહત છે તે અને જંગલી પ્રાણીઓ સાથે રહી શકે નહી અને વિમાં કયાંય જંગલી હિંસક પ્રાણીઓ તેની ખેતીની જમીન અને માનવ વસાહતમાં આવતા હોય તેવું નથી. અને જો કયાંય આવુ બને તો આજ પરીણામ આવે.



દિપકભાઈ કે. માલાણી
આંબરડી, તા. સાવરકુંડલા.

# બાબરામાં કમળસી હાઈસ્કુલ ખાતે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

રાજય સરકારના શિક્ષણ પ્રત્યેના સંકલ્પને સાકાર કરવા રાજયભરમાં આગામી ત્રણ દિવસ દરમિયાન શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે બાબરાની કમળસી હાઈસ્કૂલ ખાતે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના અધ્યક્ષસ્થાને શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ ધોરણ ૯ અને ૧૧માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ અર્પણ કરી શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. સાથે જ શાળાના તેજસ્વી અને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સન્માનિત કરીને તેમના ઉત્સાહમાં વધારો કર્યો હતો. કાર્યક્રમને સંબોધતા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે આજના આધુનિક યુગમાં શિક્ષણનું મહત્વ અત્યંત વધી ગયું છે. વિદ્યાર્થીઓએ શિક્ષણ સાથે સંસ્કારનું પણ જતન કરવું જોઈએ અને પોતાના શિક્ષકોનું સન્માન કરવું જોઈએ. તેમણે જણાવ્યું હતું કે રાજય સરકાર દ્વારા દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે અમલમાં મુકાયેલી નમો લક્ષ્મી અને નમો સરસ્વતી જેવી યોજનાઓ ખૂબ જ ઉપયોગી સાબિત થઈ રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજય સરકારની શિક્ષણલક્ષી નીતિઓના કારણે આજે ગામડાં સુધી અદ્યતન શૈક્ષણિક સુવિધાઓ, આધુનિક શાળાઓ અને તાલીમબદ્ધ શિક્ષકો ઉપલબ્ધ બન્યા છે. સમાજના છેવાડાના વર્ગ સુધી પણ ગુણવત્તાયુક્ત શિક્ષણ સરળતાથી પહોંચે તે માટે સરકાર સતત પ્રયાસશીલ છે. તેના પરિણામે અમરેલી જિલ્લામાં આ વર્ષે મંજૂર થયેલી નવી સરકારી માધ્યમિક શાળાઓમાં બાબરા તાલુકાની ખંભાળા અને ઈંગોરાળા ગામોની બે શાળાઓનો પણ સમાવેશ થયો હોવાનું તેમણે જણાવ્યું હતું. કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ રમેશભાઈ પરવાડીયા, ઉપપ્રમુખ યજ્ઞેશભાઈ શુકલ, શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડીયા, જિલ્લા ભાજપ કિસાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, નગરપાલિકા કારોબારી સમિતિના ચેરમેન ભરતભાઈ રંગપરા, પૂર્વ પ્રમુખ પ્રવિણભાઈ કરકર, વનરાજભાઈ વાળા, પૂર્વ ઉપપ્રમુખ અકુરભાઈ જસાણી, પૂર્વ કારોબારી સમિતિના ચેરમેન ભુપતભાઈ બસિયા, નગરપાલિકા સભ્યો જયરાજભાઈ બસિયા, મહેશભાઈ પીપપવા, મયુરભાઈ રાવળ, રમેશભાઈ તેરૈયા, દેવશીભાઈ મારૂ, લાલભાઈ સરવૈયા, ધર્મેશભાઈ વાવડીયા, અશ્વિનભાઈ મકવાણા, શિવુભાઈ ખાદા, ભીખુભાઈ બગડા, જગદીશભાઈ વાવડીયા, જીગુબેન શકોરિયા, શહેર ભાજપ મહામંત્રી રમેશભાઈ સાંગડિયા, શહેર યુવા ભાજપ પ્રમુખ હરેશભાઈ આખજા સહિત નગરપાલિકા સભ્યો, સ્થાનિક ભાજપના અગ્રણીઓ, કમળસી હાઈસ્કૂલના એસ.એમ.સી. અધ્યક્ષ પ્રતાપભાઈ ખાચર, શાળાના આચાર્ય, શિક્ષકગણ, વાલીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો અને દરેક બાળકને શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવા માટે સેએ સંકલ્પ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ શાળા કેમ્પસમાં ધારાસભ્ય સહીત સ્થાનિક અગ્રણીઓના હસ્તે વૃક્ષરોપણ કરવામાં આવ્યું હતું.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૪૦૫ | ૧૪૫૬ |
| ૨ | શીંગ મોટી | ૧૪૦૦ | ૧૪૪૦ |
| ૩ | શીંગ દાણા | ૧૯૦૦ | ૧૯૭૫ |
| ૪ | તલ સફેદ | ૧૯૫૦ | ૨૪૫૧ |
| ૫ | તલ કાળા | ૨૭૫૦ | ૩૬૦૦ |
| ૬ | કપાસ | ૧૫૦૦ | ૧૮૩૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૨૧ | ૪૮૬ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૧૫ |
| ૯ | બાજરો | ૩૩૦ | ૫૨૦ |
| ૧૦ | જુવાર | ૭૦૦ | ૧૦૫૧ |
| ૧૧ | મકાઈ | – | ૪૧૧ |
| ૧૨ | મગ | ૧૨૦૦ | ૧૬૩૪ |
| ૧૩ | અડદ | ૧૨૫૦ | ૧૪૭૦ |
| ૧૪ | ચણા | ૧૦૫૦ | ૧૧૫૦ |
| ૧૫ | દેશી ચણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૧૬ | તુવેર | ૧૨૦૦ | ૧૩૮૦ |
| ૧૭ | એરંડી | ૧૨૦૦ | ૧૩૭૧ |
| ૧૮ | મેથી | ૧૦૫૦ | ૧૩૩૦ |
| ૧૯ | ધાણા | ૧૫૦૦ | ૨૮૫૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૨૫૦ | ૧૫૨૫ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૫૭૫ |
| ૩ | શિંગદાણા | ૧૫૬૫ | ૧૯૫૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૫૦૦ | ૧૭૧૫ |
| ૫ | તલ સફેદ | ૧૨૦૦ | ૨૫૯૫ |
| ૬ | તલ કાળા | ૨૧૧૦ | ૩૬૫૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૨૦૦ | ૨૩૭૫ |
| ૮ | બાજરો | ૩૫૦ | ૪૫૫ |
| ૯ | જુવાર | ૪૬૦ | ૧૧૦૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૪૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૧૦ | ૫૧૫ |
| ૧૨ | મકાઈ | ૩૧૫ | ૪૬૦ |
| ૧૩ | મગ | ૯૯૫ | ૧૭૧૦ |
| ૧૪ | અડદ | ૧૩૦૦ | ૧૫૮૫ |
| ૧૫ | ચણા | ૮૪૦ | ૧૧૫૫ |
| ૧૬ | ચણા દેશી | ૧૦૮૫ | ૧૧૦૫ |
| ૧૭ | સફેદ ચણા | ૯૦૦ | ૧૧૮૦ |
| ૧૮ | છોલે ચણા | ૧૧૭૦ | ૧૧૭૦ |
| ૧૯ | તુવેર | ૯૩૦ | ૧૪૮૫ |
| ૨૦ | કપાસ | ૯૩૦ | ૧૯૨૫ |
| ૨૧ | એરંડા | ૧૦૪૦ | ૧૩૪૫ |
| ૨૨ | જીરૂ | ૨૩૦૦ | ૪૦૦૫ |
| ૨૩ | ધાણી | ૨૧૦૦ | ૨૮૦૦ |
| ૨૪ | અજમા | ૨૩૨૫ | ૨૩૨૫ |
| ૨૫ | મેથી | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૨૬ | સોયાબીન | ૧૨૯૫ | ૧૩૩૫ |
| ૨૭ | કાંગ | ૩૦૦ | ૩૦૦ |
| ૨૮ | સૂર્યમુખી | ૧૨૦૦ | ૧૨૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## ૨૬૦૨ વિદ્યાર્થીઓનું પુનઃનામાંકન

ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી તેમજ રાજયના વરિષ્ઠ સનદી અને પોલીસ અધિકારીઓ ગામડે ગામડે જઈ બાળકોને શાળામાં પ્રવેશ અપાવી જ્ઞાનનો દીપ પ્રજવલિત કરી રહ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓમાં આધુનિક સુવિધાસભર શાળા મકાનો, ગુણવત્તાસભર શિક્ષણ વ્યવસ્થા અને લાયકાત ધરાવતા શિક્ષકોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં આવી છે. પ્રાથમિક શિક્ષણ વિદ્યાર્થીના જીવનરૂપી ઈમારતનો પાયો છે. પાયો મજબૂત હશે તો જીવનનું ચણતર પણ મજબૂત બનશે. તેથી બાળકોને પ્રાથમિક સ્તરેથી જ ગુણવત્તાયુકત શિક્ષણ મળે તે માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે.

રાજયમંત્રીએ જણાવ્યું હતું કે, શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ અંતર્ગત શિક્ષણ વિભાગની સમગ્ર ટીમ શિક્ષણમંત્રી ડો. પ્રદ્યુમ્નસિંહ વાજાના નેતૃત્વમાં સઘન કામગીરી કરી રહી છે. અમરેલી જિલ્લામાં શિક્ષણ વિભાગના સતત પ્રયત્નોના પરિણામે ગત વર્ષે શાળા છોડી દેનારા ૪૪૨૦ વિદ્યાર્થીઓ પૈકી ૨૬૦૨ વિદ્યાર્થીઓનું પુનઃનામાંકન કરવામાં સફળતા મળી છે. સહિયારા પ્રયાસોથી આગામી એક–બે વર્ષમાં અમરેલી જિલ્લાનો શાળાનો ડ્રોપઆઉટ રેશિયો શૂન્ય સુધી પહોંચશે તેવો વિસ તેમણે વ્યકત કર્યો હતો.

મંત્રીએ શિક્ષણ સાથે સંસ્કારના મહત્વ પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, સંસ્કાર અને શિક્ષણ એક સિક્કાની બે બાજુ છે. માત્ર શિક્ષણ પ્રાપ્ત કરવું જ પૂરતું નથી, પરંતુ બાળકમાં સારા સંસ્કારોનું સિંચન પણ એટલું જ જરૂરી છે. વાલીઓએ બાળકો સાથે શાળાના સમય બાદ દરરોજ ઓછામાં ઓછો એક કલાક અભ્યાસ, શાળાની પ્રવૃત્તિઓ અને જીવનમૂલ્યો અંગે ચર્ચા કરવી જોઈએ. તેનાથી બાળકના અભ્યાસની પ્રગતિની જાણકારી મળશે અને તેના વ્યકિતત્વમાં સંસ્કારનું ઘડતર થશે.

તેમણે વાલીઓને વિદ્યાર્થીઓની સામે મોબાઈલ ફોનનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની અપીલ કરી હતી. ટેકનોલોજી સાથે સંવેદનાનો સમન્વય સાધી આધુનિક અને સંવેદનશીલ બાળકનું ઘડતર થાય તે માટે વાલીઓની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ હોવાનું તેમણે જણાવ્યું હતું.

રાજયમંત્રીએ પર્યાવરણ જતન, વીજળી બચત, વૃક્ષારોપણ અને વાવવામાં આવેલા વૃક્ષોની સંભાળ રાખવાનો સંદેશ પણ આપ્યો હતો. બાળકોમાં નાની ઉંમરથી જ પર્યાવરણ પ્રત્યેની જવાબદારી વિકસે તે જરૂરી હોવાનું તેમણે જણાવ્યું હતું.

શાળા પ્રવેશોત્સવમાં પ્રથમ વખત ટ્રાફિક નિયમોનું પાલન કરવાની પ્રતિજ્ઞાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ અંગે રાજયમંત્રીએ વિદ્યાર્થીઓને માર્ગ સલામતીના નિયમોનું સતત પાલન કરવા અને પોતાના પરિવારજનોને પણ ટ્રાફિક નિયમોનું પાલન કરવા પ્રેરિત કરવા સૂચન કર્યું હતું.

કાર્યક્રમ દરમિયાન તેજસ્વી વિદ્યાર્થીઓ, દાતાઓ અને શ્રેષ્ઠીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત જ્ઞાન સાધના સ્કોલરશીપ, નમો સરસ્વતી યોજના અને નમો લક્ષ્મી યોજના જેવી રાજય સરકારની શિક્ષણલક્ષી યોજનાઓના લાભાર્થી વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તમામ સ્થળોએ શાળા પરિસરમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં વાંકિયા મુકામે જિલ્લા પંચાયતના સભ્ય આશિષભાઈ અકબરી, તાલુકા પંચાયતના સભ્ય, નાગજીભાઈ, શાળાના ટ્રસ્ટી વિનુભાઈ રાદડીયા, સરપંચ નયનાબહેન, શાળા સંચાલન સમિતિના સભ્યો, ટ્રસ્ટીઓ, ગાવડકા ખાતે જિલ્લા પંચાયતના સભ્ય આશિષભાઈ અકબરી, નિકુલભાઈ માંડણકા, જયસુખભાઈ કસવાળા, કમીગઢ ખાતે સંદિપભાઈ સોલંકી, જયસુખભાઈ, દયાબહેન ગોઝારીયા, મધુભાઈ, જયેશભાઈ, દિનેશભાઈ, દલપતભાઈ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૦૦ | ૧૭૬૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૮૦ | ૧૫૯૦ |
| ૩ | મગફળી | ૧૨૨૦ | ૧૩૫૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૮૫ | ૨૩૯૫ |
| ૫ | તલ કાળા | ૩૦૮૦ | ૩૪૯૦ |
| ૬ | જીરૂ | ૩૦૩૦ | ૩૭૯૦ |
| ૭ | ચણા | ૧૧૩૦ | ૧૧૬૦ |
| ૮ | ઘઉં | ૪૬૫ | ૫૦૫ |
| ૯ | એરંડા | ૧૦૩૫ | ૧૨૦૫ |
| ૧૦ | તુવેર | ૧૧૭૦ | ૧૩૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીમાં અનંતા ધ ગાર્ડન રેસ્ટોરન્ટ

સરકારી શ્રમ અધિકારી એમ.એચ. પરમાર, ડિસ્ટ્રિકટ એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટના પી.વી. બગડા, નગરપાલિકાના શોપ ઈન્સ્પેકટર કે.એન. કાબરીયા, જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના એન.એમ. વરૂ, જીલ્લા બાળ સુરક્ષા એકમના કે.બી. સાવલિયા અને ચાઈલ્ડ હેલ્પલાઈન (૧૦૯૮) ના કાઉન્સેલર આર.જે. પરમાર સહિતના સભ્યો જોડાયા હતા.

પાના ૮ ઉપરનું ચાલું

## માલવણ ગામ નજીક મુસાફર ભરેલી

દરમિયાન જર્જરિત હાલતમાં રહેલા પુલની બાજુનો માટીનો પાળો અચાનક ધસી પડતા બસનું એક વ્હીલ રોડ સાઈડના ખાડામાં ફસાઈ ગયું હતું. પરિણામે બસ ત્રણ વ્હીલપર આવી જતાં મુસાફરોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

પરિસ્થિતિની ગંભીરતા સમજી બસના ડ્રાઈવરે સમય સૂચકતા દાખવી તરત જ બસને રોકી દઈ અને બસમાં બેઠેલા તમામ મુસાફરોને સલામત રીતે નીચે ઉતારી દીધા હતા. આ બનાવની જાણ થતા જ માલવણ ગામના સરપંચ સહિત સ્થાનિક લોકો બનાવ સ્થળે દોડી આવ્યા હતા. અને જે.સી.બી. મશીનની મદદથી બસના ફસાયેલા વ્હીલને ટેકો આપવામાં આવ્યો હતો. ભારે જહેમત બાદ બસને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં સફળતા મળી હતી.

આ સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજાની થવાની ઘટના બની ના હોતી, જેના કારણે મુસાફરો અને સ્થાનિકોએ રાહતનો ાસ લીધો હતો. જોકે જર્જરિત પુલ અને તેની બાજુના ધસી પડતા પાળાને લઈને સ્થાનિકોમાં ચિંતા વ્યાપી છે. સ્થાનિકોએ સંબંધિત તંત્રને પુલની તાત્કાલિક મરામત અને સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવાની માંગ કરી છે.

### // તાલુકા એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં//

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૭૫/૨૦૨૬ તા.૦૮/૦૬/૨૦૨૬

**વિવાદી :–** શ્રી ડેરૈયા આઝાદભાઈ અબ્બાસભાઈ
રહે. ટાણારોડ, સુરકાના ડેલા પાસે, મુ.તા. શિહોર, જિ. ભાવનગર.
મો.નં. ૯૮૨૫૬ ૩૪૪૭૦ અરજદારશ્રીના વિ.વ.શ્રી રીઝવાન આર. ચુડાસમા
ઠે. નગરપાલીકા શોપીંગ સેન્ટર દુકાન નં. ૧૪, દામનગર, તા. લાઠી, જિ. અમરેલી.

// વિરૂધ્ધ //

**પ્રતિવિવાદી:–** જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી –વ– ચીફ ઓફીસરશ્રી, નગરપાલીકા, મુ. દામનગર, તા. લાઠી, જિ. અમરેલી

**જાહેર નોટિસ (જન્મના દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. દામનગર ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પુત્રી **ડેરૈયા ફીજાબેન આઝાદભાઈનો જન્મ તા. ૦૪/૦૬/૨૦૦૨ના રોજ** દામનગર, તા. લાઠી, જિ. અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા. ૨૬/૦૫/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ–મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો, હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખ્ત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં **મુદત તા. ૦૨/૦૭/૨૦૨૬ ના રોજ બપોરના ૩:૩૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સિક્કો

તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૮૦૦ | ૧૧૨૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૨૦ | ૪૭૩ |
| ૩ | મેથી | ૧૨૦૫ | ૧૨૫૦ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૦૩ | ૫૦૪ |
| ૫ | તુવેર | ૯૫૦ | ૯૫૦ |
| ૬ | ચણા | ૯૨૫ | ૧૧૪૧ |
| ૭ | એરંડી | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૮ | ધાણા | ૨૨૭૦ | ૨૮૩૫ |
| ૯ | ચણા છોલે | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૭૦૫ | ૧૮૦૫ |
| ૧૧ | સોયાબીન | ૧૨૯૫ | ૧૪૪૪ |
| ૧૨ | તલ સફેદ | ૨૦૨૦ | ૨૦૨૦ |
| ૧૩ | મગે | ૧૪૫૫ | ૧૬૭૬ |
| ૧૪ | બાજરો | ૪૪૦ | ૪૪૦ |
| ૧૫ | શીંગફાડા | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ૧૬ | અડદ | ૧૫૦૫ | ૧૫૪૪ |

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીમાં રહેતી એક મહિલા સાથે

એક વ્યકિતને Pnb Metlife Insuranceમાં કોલર તરીકેની પ્રાઈવેટ જોબ (નોકરી) મળશે. તેવી લોભામણી વાતો કરી નોકરીની લાલચ અને ગેરેંટી આપી હતી. અને તેણી પાસેથી રૂા. ૫૫૦૦ તથા રૂપિયા ૩૬,૦૦૦ મળી કુલ રૂપિયા ૪૧,૫૦૦ ટ્રાન્સફર કરાવી લઈ અને બાદમાં ફકત Pnb Metlife Insuranceની પોલીસી આપેલ હતી.

પરંતુ તેણીના ઘરના કોઈ એક વ્યકિતને Pnb Metlife Insuranceમાં કોલર તરીકેની પ્રાઈવેટ જોબ ન આપી ઠગાઈ કર્યાની તેણીએ બે મહિલા આરોપીઓ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીમાં ખેતીવાડી વીજ પુરવઠો

નિર્ણયથી સિંચાઈ માટે વીજળી પર આધારિત ખેડૂતોને મોટી રાહત મળશે. અને વરસાદના અભાવે પાકને પૂરતું પાણી પહોંચાડવા માટે ખેડૂતોને વધારાના સમય સુધી મોટરો ચલાવવાની સુવિધા મળશે, જેના કારણે પાકને બચાવવામાં મદદ મળશે. અને ઉત્પાદન ઉપર પણ સકારાત્મક અસર જોવા મળશે.

ઉર્જામંત્રી કૌશિક વેકરિયાએ જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લામાં વરસાદની સ્થિતિ અને ખેડૂતોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજય સરકાર ખેડૂતોના હિત માટે સતત કાર્યરત છે અને જયાંથી આવી માંગણીઓ પ્રાપ્ત થશે તથા જરૂરિયાત જણાશે ત્યાં પણ ખેતીવાડી વીજ પુરવઠામાં બે કલાકનો વધારો કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ખેડૂત સંગઠનો અને ખેડૂતો દ્વારા સરકારના આ નિર્ણયને આવકારવામાં આવ્યો છે. વરસાદ ખેંચાતા આ પરિસ્થિતિમાં વધારાના વીજ પુરવઠાથી સિંચાઈ કાર્ય સરળ બનશે. અને ખેડૂતોને પાક બચાવવા માટે મહત્વપૂર્ણ સહાય મળશે. તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ નિર્ણયને કારણે અમરેલી જિલ્લો રાજયમાં ખેતીવાડી વીજ પુરવઠાના વધારાની શરૂઆત કરનાર પ્રથમ જિલ્લો બન્યો છે, જેનાથી હજારો ખેડૂતોને સીધો લાભ મળશે.

### –:: કુલમુખત્યારપત્રની નકલ ખોવાયા અંગેની જાહેર નોટીસ ::–

અમો નીચે સહી કરનાર કૌશલભાઈ બી. પંડયા, એડવોકેટ–અમરેલી ના આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના બાબરા ગામે રેવન્યુ સર્વે નં. ૭૧૬ પૈકીની જમીન રહેણાંકના હેતુ માટે બીનખેતીમા ફેરવાયેલ છે. તે માહેના પ્લોટ નં.૧૫ પૈકીની જમીન ક્ષેત્રફળ ચો.મીટર ૧૮૩–૭૦ તથા તે માહે આવેલ મિલ્કત શ્રી હમીરભાઈ ધોહાભાઈ લાંબરીયા, રહે.ખાખરીયા, તા.બાબરા જી.અમરેલીની માલીકી કબજા ભોગવટાની આવેલ છે.આ ઉપરોકત મિલ્કતના ઉતરોતર દસ્તાવેજ નં. ૨૯૪ તા.૨૩/૩/૨૦૦૬ થી (૧) મયુરભાઈ મુકુંદભાઈ તથા(૨) ઉદયભાઈ મુકુંદભાઈ ના કુલમુખત્યાર શ્રી મનોજભાઈ ભગવાનજીભાઈ જોગી એ શ્રી રાધેકુષ્ણ પ્રોટીન્સ, બાબરા ના પ્રો.આશીષકુમાર રજનીકાંતભાઈ તન્ના ને પ્લોટ નં.૧૫ ની જમીન ચો.મી.૩૩૪–૮૯ વેચાણ આપેલ છે. તેમજ ઉતરોતર દસ્તાવેજ નં.૧૫૧ તા. ૨૨/૨/૨૦૧૯ થી આ પ્લોટની જમીન પૈકીની દક્ષિણ તરફની પુર્વ બાજુની જમીન ચો.મી.૧૮૩–૭૦ તથા તે માહે આવેલ મિલ્કત શ્રીચિરાગ લલીતભાઈ ભીંડોરા એ વેચાણ રાખેલ છે. તેમના પાસેથી આ મિલ્કત રજી.વેચાણલેખ નં.૬૨૮ તા. ૪/૬/૨૦૨૧ થી શ્રી હમીરભાઈ ધોહાભાઈ લાંબરીયા, રહે.ખાખરીયા, તા.બાબરા જી.અમરેલીએ વેચાણ રાખેલ છે આ કુલમુખત્યારપત્રની નકલ જે તે સમયે ઉપરોકત માલીકને આપવામા આવેલ હતી પરંતુ તેનાથી તેની નકલ કયાંક ખોવાઈ ગયેલ છે તેવી માહિતી અમોને આપેલ છે. જેથી ઉપરોકત કુલમુખત્યારનામાની નકલ જો કોઈને મળેલ હોય કે મળે તો તેમણે નીચે જણાવેલ સરનામે દિન–૭ મા જાણ કરવા અગર પહોંચતી કરવા આથી જાણ કરવામા આવે છે. આ ઉપરાંત મિલ્કતના માલીકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈપણ પ્રકારનો હકક–હિત સબંધ હોય તો તે હકક–હીત સબંધેના જરૂરી આધાર પુરાવાઓ અમારી પાસે દિન–૭ ની અંદર અમારા નીચેના સરનામે રજુ કરશો. જો તેમ નહી કરવામા આવે તો ઉપરોકત મિલ્કત ટાઈટલ કલીયર છે તેવુ માની આગળની કાર્યવાહી કરવામા આવશે ત્યારબાદ કોઈપણનો વાંધો વચકો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા.૨૩–૦૬–૨૦૨૬

**કૌશલભાઈ બી. પંડયા**
**એડવોકેટ એન્ડ નોટરી**
અંબિકા ચેમ્બર્સ, માણેકપરા, અમરેલી

# લાઠી-બાબરા-દામનગરની શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો



રાજય સરકારના શાળા પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૬ અંતર્ગત લાઠી-બાબરા વિધાનસભા વિસ્તારમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં ઉત્સાહભેર પ્રવેશોત્સવ કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની ઉપસ્થિતિમાં દામનગર શહેરની એમ.સી. મહેતા હાઈસ્કૂલ, લાઠી શહેરની કલાપી હાઈસ્કૂલ તેમજ બાબરા શહેરની કમળશી હાઈસ્કૂલ ખાતે નવા વિદ્યાર્થીઓનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન શાળાઓને રંગોળી, ફૂલહાર અને શૈક્ષણિક વાતાવરણથી સુંદર રીતે સજાવવામાં આવી હતી. નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું તિલક કરી, ફૂલ અર્પણ કરી તેમજ મીઠાઈ ખવડાવી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના ચહેરા પર શિક્ષણ જીવનની નવી શરૂઆતનો ઉત્સાહ સ્પષ્ટ જોવા મળ્યો હતો. આ પ્રસંગે ધારાસભ્યએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, શિક્ષણ એ વ્યકિતના જીવનનું સૌથી મોટું સશકિતકરણ છે. ગુણવત્તાયુકત શિક્ષણ દ્વારા જ સમાજ અને રાષ્ટ્રનો સર્વાંગી વિકાસ શકય બને છે. રાજય સરકાર દરેક બાળક સુધી શિક્ષણ પહોંચે તે માટે સતત પ્રયાસશીલ છે અને કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે વિવિધ યોજનાઓ સફળતાપૂર્વક અમલમાં મૂકી રહી છે. તેમણે વાલીઓને પણ પોતાના બાળકોને નિયમિત શાળાએ મોકલવા, અભ્યાસ સાથે સંસ્કાર અને મૂલ્ય શિક્ષણ પર ભાર આપવા તેમજ શિક્ષકો સાથે સતત સંપર્કમાં રહેવાની અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આજે પ્રવેશ મેળવનારા નાના બાળકો આવનારા સમયમાં દેશના જવાબદાર નાગરિક બનશે અને ગુજરાતના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટ, પાઠયપુસ્તકો તેમજ જરૂરી શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને શાળાના નિયમો, અભ્યાસક્રમ અને વિવિધ સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શાળાના આચાર્યઓએ રાજય સરકારના શાળા પ્રવેશોત્સવ અભિયાનની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, આવા કાર્યક્રમોથી વાલીઓમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ વધે છે અને બાળકોમાં શાળા પ્રત્યેનો આત્મીય ભાવ વધુ મજબૂત બને છે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન આનંદમય અને ઉત્સવમય વાતાવરણ સર્જાયું હતું. આ કાર્યક્રમોમાં સ્થાનિક આગેવાનો, નગરપાલિકાના હોદેદારો, શિક્ષણ વિભાગના અધિકારીઓ, શાળાના આચાર્યો, શિક્ષકગણ, વાલીઓ, વિદ્યાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્યએ અંતમાં જણાવ્યું હતું કે, લાઠી-બાબરા વિસ્તારના દરેક બાળકને ગુણવત્તાસભર શિક્ષણ મળે અને શિક્ષણક્ષેત્રે વિસ્તાર સતત પ્રગતિ કરે તે માટે તેઓ સતત પ્રયત્નશીલ રહેશે. રાજય સરકારના શિક્ષણલક્ષી અભિયાનોને સમાજનો સક્રિય સહયોગ મળશે તો શિક્ષિત, સંસ્કારી અને આત્મનિર્ભર ગુજરાતના નિર્માણનું સ્વપ્ન વધુ ઝડપથી સાકાર થશે.

### ઉર્જા રાજય મંત્રી કૌશિક વેકરિયાએ કર્યુ ખાતમુહૂર્ત

## ભૈ વાહ : અમરેલીનાં રાજમહેલ પટ્ટાંગણમાં માર્ગ-મકાન વિભાગની નવી બિલ્ડિંગ બનશે

### અંદાજીત રૂપિયા ૮ કરોડનાં ખર્ચે નવું બિલ્ડિંગ નિર્માણ થશે



અમરેલી, તા. ૨૩

અમરેલી સ્થિત ઐતિહાસિક રાજમહેલ કમ્પાઉન્ડ ખાતે માર્ગ અને મકાન વિભાગ (રાજય)ની નવી બિલ્ડિંગના બાંધકામનું ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું. ગુજરાત રાજયના ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના વરદહસ્તે શાસ્ત્રોકત વિધિ-વિધાન સાથે આ અદ્યતન બિલ્ડિંગનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ નવું ભવન અંદાજિત રૂ. ૮ કરોડની માતબર રકમના ખર્ચે તમામ આધુનિક ધારાધોરણો મુજબ તૈયાર કરવામાં આવી રહ્યું છે.

આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે, આ સુવિધાસભર અને અદ્યતન નવા બિલ્ડિંગના નિર્માણથી જિલ્લામાં સરકારી સેવાઓનું સ્તર વધુ ઊંચું આવશે. આ નવા માળખાને કારણે વહીવટી સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થશે, જેનાથી સ્થાનિક પ્રજાના સરકારી કામો વધુ ઝડપી, સરળ અને પારદર્શી પદ્ધતિથી પૂર્ણ થશે.

પર્યાવરણની જાળવણી અને સુરક્ષાના માપદંડોને ધ્યાનમાં રાખીને આ નવા બિલ્ડિંગમાં વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ અદ્યતન બિલ્ડિંગમાં વરસાદી પાણીના મહત્તમ સંગ્રહ માટે અત્યાધુનિક રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ઊભી કરવામાં આવશે. આ સાથે જ ભવિષ્યમાં કોઈપણ આકસ્મિક કટોકટી કે આગ જેવી દુર્ઘટનાઓ સામે રક્ષણ મેળવવા માટે હાઈ-ટેક ફાયર સિસ્ટમ અને ૨૪ કલાક પાણી પુરવઠાની સુવિધા માટે અંડર ગ્રાઉન્ડ સ્ટોરેજ પંપ પણ બનાવવામાં આવશે.

કચેરીએ આવતા મુલાકાતીઓ અને સ્ટાફના વાહનોની વ્યવસ્થિત અવરજવર માટે કેમ્પસના આંતરિક માળખાને મજબૂત બનાવવામાં આવશે. પ્રોજેકટના પ્લાનિંગ મુજબ અહીં એક અદ્યતન શેડ સાથેનો વિશાળ પાર્કિંગ એરિયા તૈયાર કરવામાં આવશે. જેથી વાહનો સુરક્ષિત પાર્ક થઈ શકે. આ ઉપરાંત ચોમાસા દરમિયાન પણ કમ્પાઉન્ડમાં પાણી ન ભરાય અને સુગમતા રહે તે માટે આખા સંકુલમાં ટકાઉ સી.સી. રોડનું નેટવર્ક પણ તૈયાર કરવામાં આવનાર છે. સમગ્ર સરકારી સંકુલની કાયદાકીય મર્યાદા અને સુરક્ષા વ્યવસ્થાને મજબૂત કરવા માટે આ નૂતન પ્રોજેકટ અંતર્ગત એક મજબૂત બાઉન્ડ્રી વોલ (સરહદી દીવાલ)નું પણ નિર્માણ કરવામાં આવશે. આ તમામ માળખાકીય સુવિધાઓ પૂર્ણ થતાં જ માર્ગ અને મકાન વિભાગ (રાજય)નું આ નવું બિલ્ડિંગ કાર્યરત થશે, જે અમરેલી જિલ્લાના વિકાસ અને સરકારી કાર્યક્ષમતાને એક નવી દિશા આપશે.

નવા બિલ્ડિંગના ખાતમુહૂર્ત પ્રસંગે અમરેલીના સ્થાનિક હોદેદારો, માર્ગ અને મકાન વિભાગ (રાજય) અમરેલીના નાયબ કાર્યપાલક ઈજનેર હેતત્સવ ધોલાવાલા સહિત અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ધારાસભ્ય કસવાલાની ઉપસ્થિતિમાં

## સાવરકુંડલાનાં ડેડકડી, મઢડા અને વીજપડીમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

### વાલીઓ, શિક્ષકો અને આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા



સાવરકુંડલા, તા. ૨૩

સાવરકુંડલા તાલુકામાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે ડેડકડી, મઢડા અને વિજપડી ગામોની શાળાઓમાં 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૬'નો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો.પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલા શિક્ષણરૂપ સેવાયજ્ઞના ભાગરૂપે તાલુકાની વિવિધ શાળાઓમાં નવપ્રવેશી વિદ્યાર્થીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.ડેડકડી ગામે ડેડકડી પ્રાથમિક શાળા તેમજ ડેડકડી લોકશાળામાં નવપ્રવેશી ભૂલકાઓને જ્ઞાનના પવિત્ર ધામમાં આવકારવામાં આવ્યા હતા. મઢડા ગામે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓના શ્રેષ્ઠ શિક્ષણ અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.વીજપડી ગામ ખાતે આવેલી વિ.ડી. નગદિયા માધ્યમિક શાળા તેમજ વીજપડી પે સેન્ટર શાળામાં યોજાયેલા કાર્યક્રમ દરમિયાન નવા વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રી અર્પણ કરી તેમનું સન્માનપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે દેશના ભવિષ્ય સમાન બાળકોના ચહેરા પરનું સ્મિત અને શિક્ષણ પ્રત્યેનો ઉત્સાહ સમાજ માટે પ્રેરણારૂપ છે. ખાસ કરીને દીકરીઓનું શિક્ષણ સશકત અને સમૃધ્ધ સમાજના નિર્માણ માટે અત્યંત આવશ્યક છે. 'દીકરી ભણે, દેશ આગળ વધે'ના સંદેશ સાથે સૌએ શિક્ષણના આ મહાયજ્ઞને વધુ મજબૂત બનાવવા સંકલ્પ વ્યકત કર્યો હતો.આ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવમા શિક્ષકો, વાલીઓ, ગ્રામજનો તેમજ સ્થાનિક આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી.

### પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિના ૨૩મા હપ્તાથી

## ગુજરાતના ૫૧.૨૮ લાખ ખેડૂતોને ૧,૦૨૫ કરોડથી વધુની સહાય

### દરેક કેન્દ્ર માટે રૂ. ૧૮ લાખની ફાળવણી કરાઈ

અમરેલી, તા. ૨૩

ગાંધીનગર, તા. ૨૦ જૂન : PM-Kisan ઉત્સવ દિવસ નિમિત્તે પ્રતિભાવ આપતાં હિરેન હિરપરાએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-Kisan) યોજનાના ૨૩મા હપ્તા અંતર્ગત દેશના ૯.૪૪ કરોડથી વધુ ખેડૂતોના બેંક ખાતામાં રૂા ૧૮,૮૮૦ કરોડથી વધુની સહાય સીધી જમા કરવામાં આવી છે. આ જ હપ્તા હેઠળ ગુજરાતના ૫૧.૨૮ લાખથી વધુ ખેડૂત પરિવારોના ખાતામાં રૂા. ૧,૦૨૫ કરોડથી વધુની સહાય સીધી જમા કરવામાં આવી છે.તેઓએ જણાવ્યું હતું કે PM-Kisan યોજના વિની સૌથી મોટી Direct Benefit Transfer આધારિત ખેડૂત કલ્યાણ યોજનાઓમાંની એક છે. યોજના શરૂ થયાથી અત્યાર સુધી દેશના ખેડૂતોને રૂા. ૪.૪૬ લાખ કરોડથી વધુની સહાય સીધી તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ૨૩મા હપ્તામાં ૨.૧૮ કરોડથી વધુ મહિલા ખેડૂતોને પણ યોજનાનો લાભ મળ્યો છે, જે મહિલા સશકિતકરણની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે અને સરકારના સર્વાંગી દૃષ્ટિકોણની ઝાંખી છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતના ખેડૂતોના સન્માન અને સુરક્ષાની ચિંતા આ યોજના હેઠળ સરકાર દ્વારા સતત કરવામાં આવી રહી છે. PM-Kisan યોજના હેઠળ રાજયના ખેડૂતોને



અત્યાર સુધી લગભગ ૨૩ હજાર કરોડથી વધુની સહાય સીધી DBT માધ્યમથી આપવામાં આવી છે. માત્ર ૨૩મા હપ્તામાં જ ગુજરાતના ૫૧.૨૮ લાખથી વધુ ખેડૂતોને ૧,૦૨૫ કરોડથી વધુની સહાય મળવી એ ખેડૂતોના કલ્યાણ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાની ઝાંખી છે.હિરેન હિરપરાએ જણાવ્યું હતું કે માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના દુરંદેશી નેતૃત્વમાં, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ તેમજ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના સહયોગથી ખેડૂતોના કલ્યાણ, કૃષિ વિકાસ અને ગ્રામ સમૃદ્ધિ માટે અનેક જનકલ્યાણકારી યોજનાઓ સફળતાપૂર્વક રાજયભરમાં અમલમાં મૂકવામાં આવી રહી છે.આ પ્રસંગે હિરેન હિરપરાએ માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ,



ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, રાજય કૃષિ મંત્રી રમેશભાઈ કટારા તથા કૃષિ વિભાગનો આભાર વ્યકત કરતાં જણાવ્યું હતું કે ખેડૂતોના કલ્યાણ, કૃષિ વિકાસ અને ગ્રામ સમૃદ્ધિ માટે સરકાર દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ યોજનાઓનો લાભ છેવાડાના ખેડૂત સુધી પહોંચે તે માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ યોજના ભારતીય જનતા પાર્ટીના છેવાડા માનવી સુધી વિકાસ પહોંચાડવાના અધિષ્ઠાનના અમલીકરણના દૃઢ સંકલ્પની સાર્થકતા છે.અંતે તેમણે વિાસ વ્યકત કર્યો હતો કે ભારતીય જનતા પાર્ટીની ડબલ એન્જિન વાળી સરકારના કારણે, એટલે કેન્દ્ર અને રાજય સરકારના સંયુકત પ્રયાસોના પરિણામે ખેડૂતો વધુ સુરક્ષિત, સમૃદ્ધ, આત્મનિર્ભર અને સશકત બનશે.

### ઉર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે લોકાર્પણ

## અમરેલીના ચિત્તલ મુકામે નાગરિકોની સુવિધામાં વધારો કરતા સુવિધાપથનું નિર્માણ

### અંદાજિત રૂ. ૧.૭૦ કરોડના ખર્ચે સુવિધાપથ બનતા નાગરિકોને સુવિધા મળી

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લાના ચિત્તલ મુકામે સ્થાનિક નાગરિકોની સુવિધામાં નોંધપાત્ર વધારો કરતા નવનિર્મિત 'સુવિધાપથ'નું ગુજરાત રાજયના ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના વરદહસ્તે લોકાર્પણ કરવામાં આવ્યુંહતું.

ચિત્તલ હાઈસ્કૂલ નજીક અને નવાણવાડી ખાતે અંદાજિત રૂ. ૧.૭૦ કરોડના માતબર ખર્ચે આ આધુનિક સુવિધાપથનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ અદ્યતન માર્ગો ખુલ્લા મુકાતા જ લાંબા સમયથી સારી કનેકિટવિટીની રાહ જોતા સ્થાનિક રહીશો અને વાહનચાલકોને શ્રેષ્ઠ અને પાકા રોડ-રસ્તાની કાયમી સુવિધા મળી છે. ઉલ્લેખનીય છે કે, માર્ગ અને મકાન વિભાગ,



જિલ્લા પંચાયત અમરેલીની ગ્રાન્ટ હેઠળ આ બંને સુવિધાપથ બનાવવમાં આવ્યા છે. લોકાર્પણ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે, રાજય સરકાર છેવાડાના નાગરિકો સુધી પાયાની માળખાકીય સગવડો પહોંચાડવા માટે સતત કટિબદ્ધ છે. ચિત્તલ ખાતે તૈયાર થયેલો આ સુવિધાપથ સ્થાનિક કક્ષાએ વાહન વ્યવહારને વધુ સુગમ અને સુરક્ષિત બનાવશે, જેનાથી ચોમાસા કે અન્ય ઋતુઓમાં પણ નાગરિકોને અવરજવર કરવામાં કોઈ મુશ્કેલી ન પડે. આ લોકાર્પણ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત અમરેલી હોદેદારો, પૂર્વ પ્રમુખ સુરેશભાઈ પાથર સહિતના અગ્રણઓ, ચિત્તલ ગામના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ૧૨માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે

## ઈશ્વરીયા ખાતે વિદ્યાર્થીઓએ માનવ સાંકળ દ્વારા ''YOGA'' શબ્દની આકૃતિ રચી

### મદદ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનો અનેરો ઉત્સાહ



અમરેલી, તા. ૨૩

૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે અમરેલી જિલ્લાના ઈરીયા મુકામે વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહભેર યોગ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ માનવ સાંકળ રચીને YOGA થીમને જીવંત બનાવી હતી.પૂર્વ કેન્દ્રીય કેબિનેટ મંત્રી રાજકોટના સાંસદ પરષોત્તમભાઈ રૂપાલાના વતન ઈરીયા મુકામે મદદ પ્રાથમિક શાળામાં યોજાયેલા કાર્યક્રમ દરમિયાન ૯૦ વિદ્યાર્થીઓએ માનવ સાંકળ દ્વારા YOGA શબ્દની આકૃતિ રચી વિવિધ યોગાસનો કર્યા હતા. આ અનોખી રજૂઆત દ્વારા વિદ્યાર્થીઓએ યોગના મહત્વનો સંદેશ આપ્યો હતો.યોગ કાર્યક્રમમાં કુલ ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. વિદ્યાર્થીઓએ તાડાસન, વૃક્ષાસન, વજ્રાસન, ભુજંગાસન સહિતના વિવિધ યોગાસનો અને પ્રાણાયામ કર્યા હતા. યોગથી શારીરિક તંદુરસ્તી, માનસિક શાંતિ અને એકાગ્રતામાં વધારો થાય છે તે અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યુંહતુંકે, યોગને દૈનિક જીવનનો ભાગ બનાવવાથી સ્વસ્થ અને સશકત જીવનશૈલી વિકસાવી શકાય છે. વિદ્યાર્થીઓએ નિયમિત યોગાભ્યાસ કરવાનો સંકલ્પ પણ લીધો હતો.

### ધારાસભ્ય જનક તળાવીયાના સતત પ્રયાસોને વધુ એક સફળતા

## લાઠી અને બાબરા વિસ્તારમાં ૧૬ નવા આંગણવાડી કેન્દ્રો માટે રૂ. ૨.૮૮ કરોડ મંજૂર

### દરેક કેન્દ્ર માટે રૂ. ૧૮ લાખની ફાળવણી કરાઈ

અમરેલી, તા. ૨૩

લાઠી-બાબરા વિધાનસભા વિસ્તારમાં બાળ વિકાસ અને મહિલા સશકિતકરણને વધુ મજબૂત બનાવવા માટે વધુ એક મહત્વપૂર્ણ વિકાસલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના સતત પ્રયત્નો અને રાજય સરકાર સમક્ષ કરવામાં આવેલી અસરકારક રજૂઆતોના પરિણામે લાઠી તથા બાબરા તાલુકામાં કુલ ૧૬ નવા આંગણવાડી કેન્દ્રોના નિર્માણ માટે રૂ. ૨ કરોડ ૮૮ લાખની મંજૂરી પ્રાપ્ત થઈ છે.આ મંજૂરી હેઠળ દરેક આંગણવાડી કેન્દ્ર માટે રૂ. ૧૮ લાખની ફાળવણી કરવામાં આવી છે. જેમાં લાઠી તાલુકાના ૮ આંગણવાડી કેન્દ્રો અને બાબરા તાલુકાના ૮ આંગણવાડી કેન્દ્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ નવા કેન્દ્રોના નિર્માણથી ગ્રામ્ય વિસ્તારોમાં નાના બાળકોને ગુણવત્તાયુકત પૂર્વ પ્રાથમિક શિક્ષણ, પોષણયુકત આહાર અને આરોગ્ય સેવાઓ વધુ સુવિધાસભર વાતાવરણમાં ઉપલબ્ધ બનશે. સાથે સાથે સગર્ભા અને ધાત્રીમાતાઓને પણ વિવિધ સરકારી યોજનાઓનો લાભ વધુ અસરકારક રીતે મળી શકશે.ધારાસભ્યએ જણાવ્યું હતું કે રાજય સરકાર બાળકોના સર્વાંગી વિકાસ અને મહિલાઓના આરોગ્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે. ગ્રામ્ય વિસ્તારોમાં આધુનિક સુવિધાઓથી સજ્જ આંગણવાડી કેન્દ્રો ઉભા થવાથી બાળકો માટે સુરક્ષિત, સ્વચ્છ અને શિક્ષણમૈત્રીપૂર્ણ વાતાવરણ ઉપલબ્ધ થશે તેમજ પોષણ અભિયાન, બાળ વિકાસ કાર્યક્રમો અને વિવિધ કલ્યાણકારી યોજનાઓના અમલીકરણમાં પણ નોંધપાત્ર વધારો થશે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે લાઠી અને બાબરા વિસ્તારના વિકાસ માટે તેઓ સતત રાજય સરકાર સમક્ષ વિવિધ વિકાસકાર્યોની રજૂઆત કરી રહ્યા છે. રસ્તા, શૈક્ષણિક સંસ્થાઓ, આરોગ્ય સુવિધાઓ, પીવાના પાણી, સિંચાઈ તેમજ મહિલા અને બાળ વિકાસ સંબંધિત અનેક કામોને મંજૂરી અપાવવામાં સફળતા મળી રહી છે. આંગણવાડી કેન્દ્રોની આ મંજૂરી પણ તે જ વિકાસયાત્રાનો મહત્વપૂર્ણ ભાગ છે.સ્થાનિક ગ્રામજનો, મહિલાઓ અને વાલીઓએ આ મહત્વપૂર્ણ નિર્ણય બદલ રાજય સરકાર તથા ધારાસભ્ય જનક તળ ાવીયાનો આભાર વ્યકત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે નવા અને સુવિધાસભર આંગણવાડી કેન્દ્રોના નિર્માણથી ગામના બાળકોને વધુ સારૂ પોષણ, પ્રાથમિક શિક્ષણ અને આરોગ્યલક્ષી સેવાઓનો લાભ મળશે, જે તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

# અમરેલીમાં શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ કોલેજ-હોસ્ટેલ ખાતે યોગ દિવસની ઉજવણી



અમરેલી શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કુલ, કોલેજ, હોસ્ટેલ અમરેલી ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે તમામ વિદ્યાર્થીઓને યોગાભ્યાસ કરાવવામાં આવ્યો હતો. યોગના વિવિધ આસનો અને પ્રાણાયમ ધ્વારા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ આરોગ્ય જાગૃતિ ફેલાવવાનો અને નિયમિત યોગ ધ્વારા તંદુરસ્ત જીવનશૈલી અપનાવવાનો હતો.





## ભીમ અગિયારશનો પવિત્ર દિવસ નજીકમાં હોય તે સમયે જ

# સાવરકુંડલા, જાફરાબાદ અને બાબરા પંથકમાં વરસાદનું દે ધનાધન

**જિલ્લામાં છેલ્લા ૪ થી ૫ દિવસથી કોઈને કોઈ વિસ્તારમાં વરસાદનું આગમન થતું રહ્યું છે**

**કૃષિપ્રધાન જિલ્લામાં વરસાદનું આગમન સૌ માટે અતિ મહત્વનું હોય છે**

**વરસાદનાં આગમનથી નાના ભુલકાઓથી લઈને સૌ કોઈ ખૂશીથી ઝુમી ઉઠે છે**

**ટીંબી, સેલણા, અરજણસુખ, તોરી, રામપુર સહિતનાં વિસ્તારોમાં વરસાદથી ખૂશી**



અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લામાં આજે જાફરાબાદ, સાવરકુંડલા અને વડિયા પંથકમાં મેઘાની પધરામણી થતાં ઠેકઠેકાણે પાણી ભરાયા હતા. તો નાના ભુલકાઓથી લઈને મોટેરા સુધી સૌ કોઈ ખૂશીથી ઝુમી ઉઠયા હતા.

આજે જાફરાબાદનાં ટીંબી, સેલણા, ચિત્રાસર, હેમાળ, વડિયાનાં અરજણસુખ, રામપુર, તોરી તેમજ સાવરકુંડલા વિસ્તારમાં પણ હળવાથી લઈને ભારે વરસાદ પડતાં ખૂશીનો માહોલ છવાયો હતો.

**બાબરા**

બાબરામાં સમી સાંજે ગાજવીજ સાથે વરસાદ શરૂ થયો હતો. જોકે બાબરામાં સામાન્ય વરસાદી ઝાપટુ પડયું હતું પણ ગ્રામ્ય વિસ્તારનાં દરેડ, ખાખરીયા સહિતનાં ગામડાઓમાં સારો વરસાદ પડતાં ખેતરમાં પાણી વહેતા થયા હતા.

### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

## બગસરા ખાતેથી ભારતીય બનાવટની વિદેશી દારૂની ૬૨૪ બોટલ ઝડપાઈ

**પોલીસે રૂપિયા ૨.૨૨ લાખનાં મુદ્દામાલ સાથે આરોપીની અટકાયત કરી**

અમરેલી, તા. ૨૩

બગસરા પોલીસ સર્વેલન્સ ટીમ ધ્વારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે વોચમાં રહી બગસરા-જેતપુર રોડ પર જૂની નગરપાલિકા પાસે રહેતા ધર્મરાજભાઈ હરેશભાઈ બાબરીયાને ૧૮૦ મી.લી. બોટલ નંગ-૬૨૪ કિંમત રૂપિયા ૧,૦૬,૦૮૦ તથા ૧૮૦ મી.લી. બોટલ નંગ-૯૬ કિંમત રૂપિયા ૧૬,૩૨૦ તથા કાર નં. જી.જે.-૦૫ સીબી-૮૩૯૮ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૨,૨૨,૪૦૦નાં મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી બગસરા પોલીસ સર્વેલન્સ ટીમ ધ્વારા કરવામાં આવેલ છે.



### પીએનબી મેટલાઈફ ઈન્સ્યુરન્સમાં જોબ આપવાની વાતો કરી

## અમરેલીમાં રહેતી એક મહિલા સાથે અન્ય બે મહિલાએ છેતરપીંડી કર્યાની ફરિયાદ

**કુલ રૂપિયા ૪૧,૫૦૦ ટ્રાન્સફર કરાવી લીધા**

અમરેલી, તા. ૨૩

અમરેલીમાં લગભગ ૬ મહિના પહેલા Pnb Metlife Insuranceમાં પોલીસ લેવાથી મેડીકલ સુવિધા તેમજ ઘરના કોઈ એક વ્યકિતને Pnb Metlife Insuranceમાં કોલર તરીકેની પ્રાઈવેટ જોબ (નોકરી) મળશે તેવી લોભામણી વાતો કરી અનેક લોકો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરવામાં આવતી હતી. ત્યારે કેટલાક લોકો આ ચીટરગેંગનો ભોગ બન્યા છે. ત્યારે આ બનાવમાં અમરેલીની મહિલાએ આ બનાવમાં પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ બનાવ અંગે પોલીસ ઝીણવટ ભરી તપાસ કરે તો હજુ કેટલાય લોકો ભોગ બન્યા છે. તે સામે આવી શકે તેમ છે.

આ બનાવમાં અમરેલી સીટી પોલીસ લાઈનમાં રહેતા અને નોકરી કરતા દયાબેન બાબુભાઈ ચાવડાને કોઈ અજાણી મહિલા માનસીબેન પાલડીયા તથા રશ્મિતાબેન ડોબરીયા નામની મહિલા આરોપીઓએ ગત તા. ૨૩/૧૨/૨૦૨૫થી આજદીન સુધી અમરેલી જેસીંગપરામાં સમાજની વાડીએ તથા અમરેલી સીટી પોલીસ લાઈનમાં તેમના રહેણાંક મકાને Pnb Metlife Insuranceમાં પોલીસી લેવાથી મેડીકલ સુવિધા તેમજ ઘરના કોઈ

અનુસંધાન પાના ૬ ઉપર

### અનેક વિસ્તારમાં પીવાનું પાણી પહોંચાડતી પાઈપ લીકેજ

## વડિયાનાં ખાખરીયા માર્ગ ઉપર નર્મદાની પાઈપલાઈનમાં ભંગાણથી પાણીની રેલમછેલ

**આજુબાજુનાં ખેતરો સુધી પાણી પહોંચતા દોડધામ મચી**



અમરેલી, તા. ૨૩

વડિયાનાં ખાખરીયા માર્ગ ઉપર અનેક ગામોમાં પીવાનું પાણી પહોંચાડતી નર્મદાની લાઈનમાં અચાનક ભંગાણ થતાં પાણીની રેલમછેલ જોવા મળી હતી.

આજુબાજુનાં ખેતરમાં પાણી ઘુસી જતાં ખેડૂતોમાં દોડધામ મચી હતી. જો કે લાગતા-વળગતા વિભાગે પાણીની પાઈપલાઈનની મરામત શરૂ કરી હતી.

### અમરેલી નજીક આવેલ

## માલવણ ગામ નજીક મુસાફર ભરેલી એસ.ટી. બસનો અકસ્માત થતો અટકયો

**ભારે જહેમત બાદ બસને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવી**

અમરેલી, તા. ૨૩

અમરેલી તાલુકાના માલવણ ગામ નજીક આજે મુસાફરોથી ભરેલી એક એસ.ટી.નો સહેજમાં અકસ્માત થતા અટકયો હતો. એસ.ટી. બસની મોટી દુર્ઘટના સર્જાતી ટળી હતી. જયારે ડ્રાઈવર કંડકટરની સમયસૂચકતા અને સ્થાનિકોની મદદથી બસને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવતા તમામ મુસાફરોનો આબાદ બચાવ થયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ બગસરા એસ.ટી. ડેપોની બગસરા-અમરેલી રૂટ પર દોડતી મુસાફર ભરેલી એક એસ.ટી. બસ આજે માલવણ ગામ નજીક આવેલા પુલ પરથી પસાર થઈ રહી હતી.



અનુસંધાન પાના ૬ ઉપર

### બાળ મજુરી નાબુદી ઝુંબેશ હેઠળ

## અમરેલીમાં અનંતા ધ ગાર્ડન રેસ્ટોરન્ટ સામે કાયદેસરની કાર્યવાહી

**શ્રમ વિભાગ દ્વારા નોટિસ પાઠવાઈ**

અમરેલી, તા. ૨૩

અમરેલીમાં બાળ અને તરૂણ મજૂર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ની અમલવારીના ભાગરૂપે તંત્ર દ્વારા એક મહત્વપૂર્ણ કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં અમરેલીની મદદનીશ શ્રમ આયુક્તની કચેરી દ્વારા જિલ્લા ટાસ્ક ફોર્સ સમિતિ સાથે મળીને ગત તા.૨૨ જૂનના રોજ અમરેલી શહેર અને ગ્રામ્ય વિસ્તારની વિવિધ સંસ્થાઓમાં 'ચાઈલ્ડ લેબર રેડ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરોડો 'વિશ્વ બાળ મજૂર વિરોધી દિવસ' અંતર્ગત બાળમજૂરી નાબૂદી ઝુંબેશના ભાગરૂપે પાડવામાં આવી હતી.

આ તપાસ દરમિયાન અમૂલ ડેરી પાસે, ચલાલા રોડ પર આવેલી 'અનંતા ધ ગાર્ડન રેસ્ટોરન્ટ' માં ૧ તરૂણ શ્રમયોગી ગેરકાયદેસર રીતે કામ કરતો મળી આવ્યો હતો. આ કાયદાના ભંગ બદલ સંબંધિત રેસ્ટોરન્ટને નોટિસ પાઠવવામાં આવી હતી. અને તેની સામે નિયમોનુસાર આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે તેમ મદદનીશ શ્રમ આયુક્ત અમરેલીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

આ સંયુક્ત ઓપરેશનમાં

અનુસંધાન પાના ૬ ઉપર






*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)